**આજનો સુવિચાર**

અંતરાત્માનાં અવાજ અનુસાર ચાલવાથી કિર્તી સહજ રીતે પ્રાપ્ત થાય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૦૮ જૂનાગઢ તા.૨૦-૧૨-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 08, Junagadh : Date : 20 December, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# જયપુર નજીક કેમિકલ ભરેલા ટેન્કરમાં પ્રચંડ વિસ્ફોટ : ૭ના મોત, ૩૭ ગંભીર



જયપુર, તા. ૨૦ આજે સવારે બનેલી એક ગંભીર દુર્ઘટનામાં જયપુર-અજમેર હાઈવે પર દિલ્હી પબ્લીક સ્કુલની સામે કેમિકલ ભરેલા ટેન્કરને ટ્રકે ઠોકર મારતા કેમિકલ ભરેલા ટેન્કરમાં ભયાનક વિસ્ફોટ થયો હતો અને ભયાનક આગ લાગતા તેની ચપેટમાં આવેલા ૪૦ જેટલા વાહનો ખાખ થઈ ગયા હતા. આ દુર્ઘટનામાં ૭ લોકો ભડથુ થઈ ગયા હતા જયારે ૩૭ જેટલા લોકો દાઝી ગયા હતા આ આગમાં ઝપટમાં આવેલી એક ફેકટરી ખાખ થઈ ગઈ હતી.

ટેન્કરને ટ્રકે ટક્કર મારી હતી. જેના કારણે ટેન્કરમાં વિસ્ફોટ થયો અને સળગતું કેમિકલ ૨૦૦ થી ૩૦૦ મીટર દૂર સુધી ફેલાઈ ગયું હતું. જ્યાં જ્યાં કેમિકલ ઢોળાયું હતું ત્યાં આગ ફાટી નીકળી હતી. ૪૦થી વધુ વાહનોમાં આગ લાગી હતી. અનેક વાહનો એવા હતા જેમાંથી લોકોને બહાર નીકળવાની પણ તક મળી ન હતી.

માહિતી મુજબ, આ હૃદયદ્રાવક ઘટના બેદરકારીના કારણે બની હતી. સીએનજી ટેન્કર રોંગ સાઈડથી આવી રહ્યું હતું અને એલપીજી ટ્રક સાથે અથડાયું હતું. બસ આ એક બેદરકારીના કારણે આટલો મોટો અકસ્માત થયો જેની કોઈએ કલ્પના પણ કરી ન હતી. બસની હાલત જોઈને મુસાફરોની સ્થિતિનો અંદાજ લગાવી શકાય છે. ૩૦૦ મીટરના દાયરામાં જે હતુ તે બધુ જ ભસ્મીભુત થઈ ગયુ હતું.

## રામમંદિર જેવા મુદ્દા બીજે ઉઠાવો નહીં : નવા સ્થળો અંગે વિવાદ સર્જવો અસ્વીકાર્ય : મોહન ભાગવત



### ''ભારતે તમામ ધર્મો અને વિચારધારાઓના સુમેળભર્યા સહઅસ્તિત્વનું ઉદાહરણ સ્થાપિત કરવું જોઈએ : ભારતમાં દરેક એક સમાન છે''

નાગપુર, તા.૨૦ : આરએસએસના વડા મોહન ભાગવતે કથિત હિન્દુ નેતાઓની ટીકા કરી હતી જેઓ રામ મંદિર જેવા નવા મુદ્દાઓ લાવીને વિવાદ સર્જી રહ્યા છે. પૂણેમાં 'વિશ્વગુરુ ભારત' પર એક વ્યાખ્યાન શ્રેણી દરમિયાન ભાગવતે કહયું કે ભારતે તમામ ધર્મો અને વિચારધારાઓના સુમેળભર્યા સહઅસ્તિત્વનું ઉદાહરણ સ્થાપિત કરવું જોઈએ. ઉત્તર પ્રદેશમાં સંભલની શાહી જામા મસ્જિદ અને રાજસ્થાનમાં અજમેર શરીફ જેવા ધાર્મિક સ્થળોના કથીત વિવાદને લઈને તાજેતરના વિવાદોની પૃષ્ઠભૂમિમાં તેમણે આ વાત કહી. ભાગવતે કહ્યું કે નફરત અને દુશ્મનાવટથી નવા વિવાદો ઉભા કરવા અસ્વીકાર્ય છે. તેમણે એમ પણ કહ્યું કે ભારતમાં બહુમતી કે લઘુમતી નથી, દરેક એક સમાન છે. ભાગવતે કહયું કે ભારતીયોએ તેમની ભૂલોમાંથી શીખવું જોઈએ. તેઓએ ભારતને વિશ્વ માટે રોલ મોડલ બનાવવું જોઈએ. તેમણે કહ્યું કે આપણે વિવાદાસ્પદ મુદ્દાઓથી દૂર રહીને સર્વસમાવેશકતાનું ઉદાહરણ સ્થાપિત કરવું જોઈએ. રામ મંદિર આસ્થાનો મામલો હતો અને હિંદુઓને લાગ્યું કે તેનું નિર્માણ થવું જોઈએ. તિરસ્કાર અને દુશ્મનાવટથી કેટલીક નવી સાઈટ્સ વિશે મુદ્દા ઉઠાવવા અસ્વીકાર્ય છે. ભાગવતે કહ્યું કે સમાજમાં તણાવ ઓછો કરવાનો ઉપાય પ્રાચીન સંસ્કળતિમાં પાછા ફરવાનો છે.

## ગેરકાયદેસર ધિરાણો પર ગાળીયો આવશે : નવા કાયદામાં ૧૦ વર્ષની જેલ-દંડની જોગવાઈ

નવી દિલ્હી તા. ૧૦ : કેન્દ્રએ રાજ્યો સાથે મળીને અનિયંત્રિત ધિરાણને કોગ્નિઝેબલ અને બિનજામીનપાત્ર અપરાધ તરીકે વર્ગીકૃત કરવાનો પ્રસ્તાવ મૂકયો છે. જેમાં દંડની સાથે ૧૦ વર્ષ સુધીની જેલની જોગવાઈ પણ સામેલ હશે. નાણા મંત્રાલયે **BULLA** (અનિયમિત ધિરાણ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ) બિલના ડ્રાફ્ટ પર ૧૩ ફેબ્રુઆરી સુધીમાં હિતધારકો પાસેથી પ્રતિસાદ માંગ્યો છે. સૂચિત કાયદાના ઉલ્લંઘનને કોગ્નિઝેબલ અને બિનજામીનપાત્ર ગુનો ગણવામાં આવશે અને દોષિતોને ભારે દંડ અને જેલની સજાની જોગવાઈ પણ છે. ખરડામાં કહેવામાં આવ્યું છે કે ગેરકાયદેસર ધિરાણ પ્રવળત્તિઓ, પછી ભલે તે ડિજિટલ હોય કે અન્ય કોઈપણ સ્વરૂપે, ૨ થી ૭ વર્ષની જેલની સજા થઈ શકે છે અને ૨ લાખ રૂપિયાથી લઈને ૧ કરોડ રૂપિયા સુધીનો દંડ પણ થઈ શકે છે. વધુમાં, ધિરાણકર્તાઓ કે જેઓ લોન લેનારાઓને હેરાન કરે છે અથવા લોન વસૂલવા માટે ગેરકાયદેસર પદ્ધતિઓનો ઉપયોગ કરે છે તેમને ૩ થી ૧૦ વર્ષની જેલ અને ભારે દંડની સજા થઈ શકે છે.

### સંસદ ભવનના ગેટ પર કોઈપણ ધરણા-પ્રદર્શન કરી શકશે નહીં : સ્પીકરે કડક નિર્દેશો જારી કર્યા

## સંસદનું શિયાળુ સત્ર અનિશ્ચિત કાળ માટે સ્થગિત

નવી દિલ્હી તા.૨૦ સંસદના શિયાળુ સત્રનો આજે છેલ્લો દિવસ છે. લોકસભાની કાર્યવાહી સવારે ૧૧ વાગ્યે શરૂ થઈ હતી. સ્પીકર ઓમ બિરલાએ બે મિનિટ બાદ ગૃહની કાર્યવાહી અનિશ્ચિત સમય માટે સ્થગિત કરી દીધી હતી.

બીજી તરફ આંબેડકર વિવાદ મામલે વિપક્ષે આજે ફરી સંસદની બહાર પ્રદર્શન કર્યું હતું. વિપક્ષના સાંસદોએ વિજય ચોકથી સંસદ ભવન સુધી રેલી યોજી હતી. જેમાં પ્રિયંકા ગાંધીએ ભાગ લીધો હતો. જ્યાં રાહુલ આજે જોવા મળ્યા નહોતા.

સંસદ પરિસરમાં ગુરુવારે સાંસદોની વચ્ચે થયેલી ધક્કામુક્કીની ઘટના બાદ હોબાળો ચાલુ છે. ભાજપ અને કોંગ્રેસ બંને એકબીજાને આ મુદ્દા પર ઘેરી રહ્યા છે. કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી પર સંસદ પરિસરમાં ભાજપના સાંસદને ધક્કો મારવા અને તેમને ઘાયલ કરવાનો આરોપ છે.

### :: સમાચાર રાઉન્ડઅપ ::

- ગુજરાતમાં જંત્રી વિવાદ ઉકેલાશે : જંત્રી દરમાં દર વર્ષે ૨૫ ટકા ના વધારાની ફોર્મ્યુલા આવશે.
- પીએમ કિસાન યોજના નોંધણી માટે ખેડુત ઓળખપત્ર ફરજીયાત કરાશે.
- દેશના પ્રથમ સીડીએસ જનરલ રાવતના હેલીકોપ્ટરને નડેલા અકસ્માત માટે માનવભુલ જવાબદાર હોવાનો તપાસ અહેવાલ.
- આવતીકાલે જીએસટી કાઉન્સીલની બેઠક : તમાકુ પ્રોડકટ મોંઘી અને વિમો સસ્તો થશે.
- પતિ વિરૂધ્ધના કાયદાઓનો મહિલાઓ દુરૂપયોગ કરે નહીં : લાભકારી કાયદા કલ્યાણ માટે છે પતિને ડરાવવા માટે નહીં : સુપ્રિમ કોર્ટ

## ગુજરાતમાં ૪૦૦૦ નકલી ડોકટરો હોવાનો ઘટસ્ફોટ

સુરત તા.૨૦ નકલી ડિગ્રીથી બોગસ ડોકટર બનાવવાના રેકેટમાં સુરત પોલીસની તપાસમાં ઘટસ્ફોટ થયો છે કે ગુજરાતમાં એક પણ શહેર કે જિલ્લો બાકી નથી જયાં નકલી ડિગ્રી આપી ન હોય. આવા ૪ હજાર ડોકટરો ગુજરાતમાં છે જેમાં સૌથી વધુ સુરતમાં અને બીજા નંબરે અમદાવાદમાં છે. સુરત પોલીસને સરકારની રજીસ્ટર્ડ સાઈટ પરથી આવા ૧૨૮૧ બોગસ ડોકટરો મળ્યા છે જે હજુ સુધી પોલીસને હાથ લાગ્યા નથી અને પ્રેકટીસ કરી રહ્યાં છે જયારે ૨૭૧૯નો તો હજુ સુધી કોઈ પત્તો નહીં હોવાનું જાણવા મળ્યું છે. જે બોગસ ડોકટરોના નામ પોલીસ તપાસમાં ખૂલ્યા છે તેમની યાદી જે તે શહેરની પોલીસને સોંપવામાં આવી રહી છે. ચોંકાવનારી બાબત તો એ છે કે, પકડાયેલા ૧૦પૈકીનો એક નકલી ડોકટરની સારવાર દરમિયાન દોઢ વર્ષની બાળકીનું મોત થયુ હતુ અને તે પછી વાલીએ કેસ કરતા તેની ધરપકડ પણ થઈ હતી. જો કે, આ રેકેટ પકડાયુ પછી ખબર પડી કે તે નકલી ડોકટર હતો.


**જૂનાગઢમાં વ્યાજબી ભાવમાં વેચવાનું છે**

૮૦ વાર ત્રીપલેક્ષ વેલ ફરનીશડ ઇલોર્ટોનીક તમામ વસ્તુઓ સાથે મીરાં નગર ૨૦૦ વાર બંગલો શ્રીનાથનગરમા અને ભાડામા ફ્લેટ 3 બેડ હોલ કીચન સેમીફરનીશડ અને ૪૦૦ ફુટ ગ્રાઉન્ડ ફ્લોર દુકાન ઝાંઝરડા રોડ

**બ્રોકર દાસાણી**
**૯૪૨૬૬૨૮૧૨૧**

**સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે**

અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ

**મોરો સોપારી કટીંગ**
**૧ કિલોના ફકત રૂા.૬૦૦**
આ રીટેઈલ માટે છે

આ ખોટા વખાણ નથી હો..
આપ નજરે નિહાળો પછી તમે જ કહેશો કે વાહ..ભાઈ વાહ..

મોરો સોપારીનું કોરૂ કટીંગ તથા સ્પેશ્યલ નં.૧ સેકેલ સોપારીનું કટીંગ

સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ
ગુલબાવાડી નજીક, ખોજાવાડ ચોક પાસે, જૂનાગઢ

**મો. ૯૩૭૬૬૦ ૫૫૬૨**

॥ જય શ્રી વલ્લભ ॥
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...



**મેસર્સ નવીનચંદ્ર એન્ડ કાં.**
ફૂટવેરનાં હોલસેલ વેપારી
હવેલી લાઈન, જૂનાગઢ
ફોન : ૨૬૫૧૩૬૭, મો. ૯૮૨૫૨ ૨૦૧૧૦


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...



**એક શુભેચ્છક**

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)


**ડૉ. ધવલ સંઘવી**
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર

**હરિ-કલા**
યુરોસર્જીકલ હોસ્પિટલ
**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન




ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

CARE+ LABORATORY
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005
અમારી બીજી બ્રાન્ચ
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફ્લોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ

હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 749/- કિંમત ~~2870/-~~

હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,કલોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપુર્ણ તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 1349/- કિંમત ~~5050/-~~

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦
કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાનાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.

AGRIWORLD EXPO 2024
3RD EDITION
૨૦ ૨૧ ૨૨ ડિસેમ્બર, ૨૦૨૪
શુક્રવાર શનિવાર રવિવાર
શાસ્ત્રી મેદાન, રાજકોટ
નિઃશુલ્ક પ્રવેશ

ખેડૂતો અને ડીલર ડિસ્ટ્રીબ્યુટર માટે સૌથી મોટામાં મોટું
**B2B અને B2C કૃષિપ્રદર્શન**
પાક સુરક્ષા અને પોષણ | ઓર્ગેનિક પ્રોડક્ટ | ડેરી ટેકનોલોજી | પશુપાલન ઉત્પાદનો | પુનઃપ્રાપ્ય ઊર્જા
Organized By: EYE | SPARK MEDIA
Sponsored By: SILVER | NIDHI | SERVO | SBI
Supported By:



ખેતી દેશ ની તાકાત
દર કલાકે આકર્ષક ગિફ્ટ મહા બમ્પર લકી ડ્રો
૯૮૯૮૧ ७६७५९, ૯૯૨૫૨ ४८८३० | www.agriworldexpo.in

**KHUSHI WELNESS** Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting
યુસુફજય આજીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઇન્ટમેન્ટ લેવી ફરજીયાત)
સ્નાયુના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા કમર, ઘુટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી
મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮
ચિત્તાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જુનાગઢ.

# સ્નેહની સુવાસ : શ્રી ખોડલધામ યુવા સમિતિ-રાજકોટ દ્વારા શિયાળાની ઠંડીમાં જરૂરિયાતમંદોને ધાબળા વિતરણ કરાયું





(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૦

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના નેજા હેઠળ તેમજ ચેરમેન નરેશભાઈ પટેલનાં માર્ગદર્શન અને પીઆઈ પાદરીયા સાહેબની રાહબરી હેઠળ શ્રી ખોડલધામ યુવા સમિતિ-રાજકોટ દ્વારા માનવતાના ઉત્કૃષ્ટ ઉદાહરણરૂપ પ્રેરણાદાયક કામગીરી હાથ ધરવામાં આવી છે. શિયાળાની કડકડતી ઠંડીમાં જરૂરિયાતમંદ પરિવારોને સહાયતા કરવા માટે ૧૮ ડિસેમ્બરના રોજ ધાબળા વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

શ્રી ખોડલધામ યુવા સમિતિ (KDYS)ના સભ્યોએ રાજકોટના વિવિધ વિસ્તારોમાં જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચીને ધાબળા વિતરણ કર્યાં હતા. આ કાર્યથી ઘણા ગરીબ પરિવારોને ઠંડીથી બચવા માટે આશરો મળી રહ્યો છે. આ પ્રવૃતિએ સમાજમાં માનવતાના મૂલ્યો જાળવવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

શ્રી ખોડલધામ યુવા સમિતિના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, "ગરીબોને સહાયતા આપીને તેમને ગરમી પહોંચાડવી એ અમારી પ્રાથમિકતા છે. આ કાર્યમાં લોકોના સહકારથી વધુ જરૂરિયાતમંદોને મદદ પહોંચાડવાનું લક્ષ્ય છે."આ પ્રસંગે રાજકોટવાસીઓએ પણ આ કાર્યને બિરદાવ્યું અને સમિતિના આ કાર્યની પ્રશંસા કરી હતી. આ પ્રકારની પ્રવૃત્તિઓથી સમાજમાં સહાનુભૂતિ અને એકતાનો સંદેશ ફેલાય છે. શ્રી ખોડલધામ યુવા સમિતિ દ્વારા એવા અનેક પ્રોજેક્ટો યોજવામાં આવે છે જે સમાજના ઉત્થાનમાં યોગદાન આપે છે અને આ પ્રકારના કાર્યોથી સમાજને નવી પ્રેરણા મળે છે.આ કાર્યક્રમ દરમ્યાન રાજકોટ શહેરનાં કુલ-૪ ઝોનમાં યુવા સમિતિની સંગઠનની ટીમો દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈસ્તઝોન,વેસ્ટઝોન,નોર્થ ઝોન અને સાઉથ ઝોનનાં અલગ-અલગ વિસ્તારોમાં સમિતિનાં યુવા કાર્યકરો દ્વારા ધાબળા વિતરણ કરવામાં આવ્યું હતું.ઉપરાંત આગામી દિવસોમાં શ્રી ખોડલધામ યુવા સમિતિ દ્વારા આ પ્રકારની સેવાકીય કાર્યોની હારમાળા સમગ્ર ગુજરાતમાં શરુ કરવામાં આવશે તેવું સમિતિનાં પ્રતિનિધિ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# એશિયાઈ સિંહ સંરક્ષણમાં વનવિભાગની સાથે સૌરાષ્ટ્રના લોકોનો પણ ખૂબ મોટો ફાળો

## વન્ય પ્રાણીઓના સંરક્ષણ અને સંવર્ધન માટે વન વિભાગને લોકો સહાયક બની આપી રહ્યા છે સહકાર



જૂનાગઢ, તા.૨૦

વિશ્વમાં એશિયાઈ સિંહનું એકમાત્ર નિવાસ સ્થળ "ગીર" છે. ગુજરાતનું ગૌરવ એશિયાઈ સિંહ સૌરાષ્ટ્રના ૨૦,૦૦૦ ચોરસ કિલોમીટર વિસ્તારમાં મુક્તપણે પરિભ્રમણ કરે છે. જેના સંરક્ષણમાં વન વિભાગની સાથે સાથે સૌરાષ્ટ્રના લોકોનો પણ ખૂબ જ મોટો ફાળો રહેલો છે. સ્થાનિક લોકોના સહકારને કારણે આજે ગીર સંરક્ષિત વિસ્તાર, સિંહોની વસ્તીના સંરક્ષણ અને માનવીય પ્રભુત્વ ધરાવતી જગ્યા ઉપર પણ સિંહની વસ્તીમાં વધારો દર્શાવતી એક અદભુત વાત બની છે. આ અવિરત પ્રયાસનો લાભ લઈને સિંહો હવે જોખમની બહાર આવી ગયા છે, અને અગાઉ જ્યાંથી તેઓ નામશેષ થઈ ગયા હતા તેવા વિસ્તારોમાં પણ પોતાની વસાહતો પુનઃસ્થાપિત કરી છે. સિંહની અત્યાર સુધીની જીવન સફર ખરેખર ખૂબ જ કપરી રહી છે, પરંતુ જંગલના રાજા એશિયાઈ સિંહોએ કપરા સમયમાંથી ઉભરીને સિંહ પ્રજાતિ ખરેખર જંગલનો રાજા હોવાનું સાબિત કરી દીધું છે, અને તેથી જ ગીર જંગલ માત્ર પારસ્પરિક મહત્વતા નથી ધરાવતો પરંતુ તે આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય અને નૈતિક મૂલ્યોની દ્રષ્ટિએ પણ ગુજરાતના લોકોના હૃદય સ્થાનમાં બિરાજે છે. જેનું જતન કરવું તે વન વિભાગના સ્ટાફની સાથે ગુજરાતની ગૌરવંતી પ્રજાની પણ ફરજ છે. જેથી વન્ય પ્રાણીઓના સંરક્ષણ અને સંવર્ધન માટે લોકોના વન વિભાગને સહકાર તથા સહાયક બનવા માટે જાણ કરવામાં આવે છે. વન્યપ્રાણી અવરજવર વાળા વિસ્તારોમાં ખેડૂતોને પાક રક્ષણ માટે ઈલેક્ટ્રીક શોક ન મૂકવા માટે નમ્ર અપીલ કરવામાં આવે છે. ઈલેક્ટ્રીક શોકના કારણે વન્ય પ્રાણીઓની સાથે સાથે ઘણી વખત તેમના કીંમતી પશુઓ તેમજ લોકોનો પણ ભોગ બનવો સામે આવેલ છે, માટે ખેતર ફરતે ઈલેક્ટ્રીક શોક ન મૂકવો જોઈએ. ઉપરાંત વન્યપ્રાણી પરિભ્રમણ વિસ્તારમાં વન્ય પ્રાણીઓ માટે જોખમરૂપ ખુલ્લા કુવાઓ સુરક્ષિત કરવા જોઈએ. આ ખુલ્લા કુવાઓ સુરક્ષિત કરવા માટે ગુજરાત સરકારશ્રીની હાલમાં ચાલતી ખુલ્લા કુવા પારાપેટ હોલ બાંધી સુરક્ષિત કરવા અંગેની યોજના જેમાં ૯૦% સબસીડી સરકાર તરફથી આપવામાંઆવેછે. જેનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે. રેવન્યુ વિસ્તારમાં પરપ્રાંતીય લોકો રહેતા હોય છે, જે મૂળ શિકારી પ્રવૃત્તિથી ટેવાયેલા હોય છે. આવા કોઈ શંકાસ્પદ કે શિકારી પ્રવૃત્તિઓ ધ્યાને આવે તો નજીકના વન વિભાગની કચેરી અથવા તો ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૦૭૮૯ અથવા ૧૯૨૬ ઉપર સંપર્ક કરવા નાયબ વન સંરક્ષક ગીર પશ્ચિમ વિભાગ દ્વારા અખબારી યાદીમાં જણાવેલ છે.

# માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર - જોષીપુરા ખાતે સાઈબર સિક્યુરિટી અને મશીન લર્નિંગ વિશે સેમિનાર યોજાયો





જૂનાગઢ, તા.૨૦

ડિજિટલ ટેકનોલોજી વૈશ્વિક અર્થતંત્ર, વહીવટીતંત્ર અને શાસનતંત્રમાં આમૂલ પરિવર્તન લાવી રહી છે, રોજગારની નવી તકો ઊભી કરી રહી છે અને લોકોનું જીવન સુધારી રહી છે. ડિજિટલ ટેકનોલોજીના કારણે સંદેશાવ્યવહાર, માહિતી, આરોગ્ય, કૃષિ, શિક્ષણ, કાયદો, ન્યાય, ઉદ્યોગ, વ્યવસાય, પરિવહન, પ્રવાસન, બેંકિંગ અને નાણાકીય સહિતનાં વિવિધ ક્ષેત્રોમાં અકલ્પનીય વિકાસ થયો છે. ડિજિટલ ટેકનોલોજી માનવજીવનની રોજિંદી પ્રવૃતિઓને કાર્યક્ષમ અને અસરકારક બનાવવામાં ખૂબ ઉપયોગી સાબિત થઈ રહી છે. આજે સરકાર પણ ડિજિટલ ટેક્નોલોજીને ખૂબ પ્રોત્સાહન આપી રહી છે.

આજના ડિજિટલ ટેક્નોલોજીના યુગમાં સાઈબર ફ્રોડ, સાઈબર ક્રાઈમ અને ડિજિટલ એરેસ્ટ જેવી ઘટનાઓ ખૂબ વધી રહી છે, અનેક લોકો તેનો ભોગ બની રહ્યાં છે. આવા સંજોગોમાં સરકાર, NGO અને પત્રકારો દ્વારા સોશ્યલ મીડિયા અને ઓનલાઈન ટ્રાન્ઝેક્શનમાં સલામતી અને સજાગતા જાળવવા માટે લોકોને જાગૃત કરવાનું વિશેષ અભિયાન શરૂ કર્યું છે. વિદ્યાર્થીઓને ઊભરતી આધુનિક ટેકનોલોજી, સંશોધન અને સાવચેતી માટે કૌશલ્ય આધારિત જ્ઞાન સાથે સજ્જ કરવાના આશયથી માતૃશ્રી એમ.જી.ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢ ખાતે "સાઈબર સિક્યુરિટી (CS), આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ (AI) અને મશીન લર્નિંગ (ML) ઉપર સેમિનાર" તા.૧૮-૧૨-૨૦૨૪ ને બુધવારના રોજ યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં નોબલ યુનિવર્સિટી-જૂનાગઢના તજજ્ઞ સંજય પટેલ અને શૈલેષ દેસાઈ ડિજિટલ ટેકનોલોજીની મહત્વત્તા, સલામતી અને સાવચેતી વિશે ઉપસ્થિત વિદ્યાર્થિનીઓને ઊંડાણપૂર્વક સમજ આપી હતી.

આ તકે શાળાના આચાર્ય સુશ્રી જયશ્રીબેન રંગોલિયા, સુપરવાઈઝરો સુશ્રી અલ્પાબેન ડાંગર અને એ.સી. સાયેરિયા સહિતના શિક્ષકો ઉપસ્થિત રહ્યાં હતાં. શાળામાં આ સેમિનાર યોજવા બદલ સંસ્થાના ચેરમેનશ્રી જે.કે.ઠેસિયા સાહેબ, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી સુશ્રી મૃણાલીનીબેન ગોધાણી, કેમ્પસ ડાયરેક્ટર સી.પી.રાણપરિયા સહિતના ટ્રસ્ટીઓ, વિદ્યાગુરૂઓ અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યાં હતાં.

# ટર્મ ઈન્સ્યોરન્સના ક્લેમ માટે હૃદયની બીમારી અને કુદરતી મૃત્યુ સૌથી મોટા કારણ, દાવા કરનારાઓમાં ગુજરાત ટોચ ઉપર : પોલિસીબજારનો અભ્યાસ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૦

ટર્મ ઈન્સ્યોરન્સના ક્લેમ માટેના સૌથી પ્રચલિત કારણોમાં હૃદયની બીમારી અને કુદરતી મૃત્યુ યથાવત્ રહ્યા છે, જે સ્વાસ્થ્ય જોખમો અંગે જાગૃતિ વધતા અને વૃદ્ધોની વસતીમાં વધારા સાથે સુસંગત છે. કોવિડ-૧૯ના ક્લેમ ૩ વર્ષ પછી પણ જીવન વીમાની જરૂરિયાત ઉપર મહામારીની ચાલુ અસરને પ્રતિબિંબિત કરે છે.

પોલિસીબજારના ડેટા મુજબ ટર્મ ઈન્સ્યોરન્સના ક્લેમ્સ માટેના ટોચના રાજ્યોમાં ગુજરાત, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, દિલ્હી અને કર્ણાટકનો સમાવેશ થાય છે. વધુ વસતી અને જીવન વીમાના મહત્વ અંગે વ્યાપક જાગૃતિના સંયોજનના કારણે આ વિસ્તારોમાંથી ક્લેમ્સનું પ્રમાણ ઊંચું જોવા મળ્યું છે. વધુ શહેરી વસતી અને નાણાકીય સેવાઓ સુધી સરળ પહોંચ સાથે જીવન વીમા ઉત્પાદનો સાથે પોલિસીધારકોના વધુ જોડાણની સંભાવનાઓના કારણે આ રાજ્યોમાં વધુ ક્લેમ જોવા મળ્યા છે. મોટાભાગના ટર્મ ઈન્સ્યોરન્સ ક્લેમ પુરૂષ પોલિસીધારકો (૯૦-૯૨%) દ્વારા કરવામાં આવ્યા છે.તેનું મુખ્ય કારણ પુરુષોમાં ટર્મ ઈન્સ્યોરન્સનો વધુ પ્રસાર છે. આ સિવાય પુરુષોનો મૃત્યુદર પણ ઊંચો હોવાનું જોવા મળ્યું છે અને તેમના દ્વારા ટર્મ લાઈફ પોલિસી લેવાની શક્યતાઓ પણ વધુ હોય છે, જેને પરિણામે તેમના દ્વારા ક્લેમની ટકાવારી પણ ઊંચી હોય છે.૨ ટર્મ ઈન્સ્યોરન્સ પોલિસીધારકોમાંથી અંદાજે ૩૫-૪૦ ટકા ગંભીર બીમારી અને અકસ્માતે મૃત્યુના લાભ જેવા રાઈડર્સનો પણ વિકલ્પ પસંદ કરી રહ્યા છે, જે ગંભીર બીમારીઓ અથવા અકસ્માતો અંગે ચિંતિત લોકોમાં વ્યાપક સુરક્ષા માટેની વધતી ઈચ્છાના પણ સંકેત આપે છે. અપડેટ તબીબી ઈતિહાસ અને ચૂકવાયેલા પ્રીમિયમ્સની વિગતો સહિત બધી જ સંબંધિત માહિતી જાહેર કરવી ખૂબ જ મહત્વનું છે. આ ઝીણવટપૂર્ણ વિગતો ઉપર ધ્યાન આપવાથી ક્લેમની પ્રક્રિયા સરળ અને શાંતિપૂર્ણ રહે છે.

# કોડીનાર ખાતે નેશનલ લોક અદાલત યોજાઈ

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨૦

તાજેતરમાં કોડીનાર ન્યાય મંદિર ખાતે નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોક અદાલતમાં ૧૫૦૦ કેસ મૂકવામાં આવ્યા હતા. જેમાંથી ૮૭૧ કેસ સાથે ૭૬ પ્રીલીગેશન મળીને કુલ રૂપિયા ૫ લાખ ૭૪,૦૦૦ ના વળતરના કેસનું સફળ સમાધાન કરવામાં આવ્યું હતું. આ લોકો અદાલતને સફળ બનાવવા માટે કોડીનાર કોર્ટના એડિશનલ ડીસ્ટ્રીક જજ એસ.આઈ.ભોરણીયા, ચીફજયુડી મેજિસ્ટ્રેટ જજ અતુલકુમાર તથા એડિશનલ સિવિલ જજ એચ.એમ પરમાર અને આર.એચ.સોલંકીએ સફળ માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું.

# કોન્કોર્ડ એન્વાયરો સિસ્ટમ્સ લિમિટેડનો આઈપીઓ ગુરૂવાર ૧૯ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ખુલ્યો

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૦

કોન્કોર્ડ એન્વાયરો સિસ્ટમ્સ લિમિટેડ ("CESL" or "The Company") ઈક્વિટી શેર્સના તેના આઈપીઓ સંદર્ભે તેની બિડ/ઓફર ગુરુવાર, ૧૯ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ખોલશે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઓફર સમયગાળો બુધવાર, ૧૮ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ખૂલશે અને બંધ થશે. બિડ/ઓફર સમયગાળો સોમવાર, ૨૩, ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ બંધ થશે ("Bid Dªails"). ઓફરની પ્રાઈઝ બેન્ડ પ્રત્યેક શેર દીઠ રૂા. ૬૬૫થી રૂા. ૭૦૧ના ભાવે ફિક્સ કરવામાં આવી છે. બિડ્સ લઘુતમ ૨૧ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૨૧ ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે ("Bid Lot"). કંપની કુલ આવકમાંથી આ મુજબ ફંડિંગ માટે તેનો ઉપયોગ કરવા વિચારણા કરી રહી છે (૧) વોટર, વેસ્ટ વોટર અને તેને સંબંધિત મેમ્બ્રેન મોડ્યુલ્સના ટ્રીટમેન્ટ માટે સિસ્ટમ્સ અને પ્લાન્ટ્સ એસેમ્બલ કરવા માટે એસેમ્બલી યુનિટ ઊભું કરવા ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ માટેની તેની મૂડી ખર્ચ જરૂરિયાતોને ધિરાણ પૂરું પાડવા તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની કોક્રોર્ડ એન્વાયરો એફઝેડઈ ("CEF")માં રોકાણ જેનું મૂલ્ય અંદાજે રૂા. ૨૫૦ મિલિયન (રૂા.૨૫ કરોડ) છે (૨) ઉત્પાદન, સ્ટોરેજ અને તેને સંબંધિત પ્રવૃત્તિઓના વિસ્તરણ માટે બ્રાઉન ફિલ્ડ પ્રોજેક્ટ માટે તેની મૂડી ખર્ચ જરૂરિયાતોને ધિરાણ આપવા માટે તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની રોશેમ સેપરેશન સિસ્ટમ્સ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ ("RSSPL") માં રોકાણ જેનું મૂલ્ય અંદાજે રૂા. ૧૦૫.૦૫ મિલિયન (રૂા. ૧૦.૫૦ કરોડ) છે (૩) પ્લાન્ટ અને મશીનરી ખરીદવા માટે કંપનીની મૂડી ખર્ચ જરૂરિયાતોને ભંડોળ માટે જેનું મૂલ્ય અંદાજે રૂા. ૩૨.૦૭ મિલિયન (રૂા. ૩.૨૧ કરોડ) છે (૪) સીઈએફ દ્વારા લેવાયેલા કેટલાક ચોક્કસ ઋણની સંપૂર્ણ કે આંશિક રીતે પૂર્વચૂકવણી કે ચૂકવણી માટે તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની સીઈએફમાં રોકાણ જેનું મૂલ્ય રૂા. ૫૦૦ મિલિયન (રૂા. ૫૦ કરોડ) જેટલું છે (૫) સીઈએફની કાર્યશીલ મૂડીની જરૂરિયાતોને ભંડોળ આપવા માટે સીઈએફમાં રોકાણ જેનું મૂલ્ય રૂા. ૨૦૦ મિલિયન (રૂા.૨૦ કરોડ) જેટલું છે (૬) કંપનીના પે પર યુઝ/પે એઝ યુ ટ્રીટ બિઝનેસને વધારવા માટે તેના સંયુક્ત સાહસ રોઝર્વ એન્વાયરો પ્રાઈવેટ લિમિટેડમાં રોકાણ માટે જેનું મૂલ્ય અંદાજે રૂા. ૧૦૦ મિલિયન (રૂા. ૧૦ કરોડ) છે (૭) નવા માર્કેટ્સમાં એક્સેસ માટે ટેક્નોલોજી અને અન્ય વિકાસ પહેલમાં રોકાણ જેનું મૂલ્ય અંદાજે રૂા. ૨૩૫ મિલિયન (રૂા. ૨૩.૫૦ કરોડ) જેટલું છે અને બાકીની રકમ સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ("The Objects of Offer"). ઓફરમાં રૂા.૧,૭૫૦ મિલિયન સુધીના ઈક્વિટી શેર્સના ફ્રેશ ઈશ્યૂ અને એએફ હોલ્ડિંગ્સ દ્વારા ૪૧,૮૬,૩૬૮ સુધીના ઈક્વિટી શેર્સ ("Investor Selling Shareholder"), પ્રેયસ ગોયલ દ્વારા ૧,૫૦,૬૦૦ સુધીના ઈક્વિટી શેર્સ, પ્રેરક ગોયલ દ્વારા ૧,૫૦,૫૦૦ સુધીના ઈક્વિટી શેર્સ (પ્રેયસ ગોયલ સાથે મળીને, the "Promoter Selling Shareholders"), પુષ્પા ગોયલ દ્વારા ૯૨,૪૨૦ સુધીના શેર્સ, નિધિ ગોયલ દ્વારા ૩૧,૫૦૦ સુધીના શેર્સ અને નમ્રતા ગોયલ દ્વારા ૨૯,૫૦૦ સુધીના ઈક્વિટી શેર્સ (પુષ્પા ગોયલ અને નિધિ ગોયલની સાથે મળીને the "Promoter Group Selling Shareholder" અને ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર, પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર સાથે મળીને "Selling Shareholders")ના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. આ ઈક્વિટી શેર્સ મુંબઈમાં મહારાષ્ટ્રની રજિસ્ટ્રાર ઓફ કંપનીઝમાં ફાઈલ કરેલા ૧૪ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજના કંપનીના રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ફાઈલ કરવામાં આવી રહ્યા છે. ("ROC") રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ફાઈલ કરવામાં આવતા ઈક્વિટી શેર્સ બીએસઈ લિમિટેડ ("BSE") અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા ("NSE" togªher with BSE, the "Stock Exchanges") જેવા શેરબજારો પર લિસ્ટ કરવાની યોજના છે. ઓફરના હેતુઓ માટે બીએસઈ એ નિયુક્ત શેરબજાર રહેશે ("Listing Dªails"). મોતીલાલ ઓસ્વાલ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર્સ લિમિટેડ અને ઈક્વિરાસ કેપિટલ પ્રાઈવેટ લિમિટેડ આ ઓફરના બુક રનિંગ લીડ મેનેજર્સ છે ("BRLMs"). અહીં ઉપયોગમાં લેવાયેલી પરંતુ ઉલ્લેખ ન કરાયેલી તમામ કેપિટલાઈઝ્ડ ટર્મ્સનો આરએચપીમાં ઉલ્લેખ કર્યા મુજબનો અર્થ થશે. આ ઓફર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (ઈશ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયર્મેન્ટ) રેગ્યુલેશન, ૨૦૧૮ ("SEBI ICDR Regulations")ના નિયમન ૩૧ સાથે વાંચતા અને સુધાર્યા મુજબ તથા સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) રૂલ્સ, ૧૯૫૭ના નિયમ ૧૯(૨) (બી)ના સંદર્ભે કરવામાં આવી રહી છે. સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન ૬(૧)ના સંદર્ભે બુક બિલ્ડિંગ પ્રોસેસ દ્વારા કરવામાં આવી રહેલી આ ઓફરમાં નેટ ઓફરના લઘુત્તમ ૫૦ ટકા પ્રમાણસર ધોરણે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ ("QIBs") (the "QIB Portion")ને ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે, એ શરતે કે અમારી કંપની સેબી આઈસીડીઆર નિયમનો મુજબ બુક રનિંગ લીડ મેનેજર્સ સાથે ચર્ચા કરીને મુજબ ક્યુઆઈબી હિસ્સાનો ૬૦ ટકા સુધીનો હિસ્સો વિવેકાધીન ધોરણે એક્કર ઈન્વેસ્ટર્સ (the "Anchor Investor Portion")ને ફાળવી શકે છે જે પૈકી એક-તૃત્યાંશ હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ માટે અનામત રાખવામાં આવશે, જે સેબી આઈસીડીઆર નિયમનો મુજબ એક્કર ઈન્વેસ્ટર્સને ફાળવણી કરવામાં આવી હોય તે ("Anchor Investor Allocation Price") અથવા તેનાથી વધુ કિંમતે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ તરફથી મળેલી માન્ય બિડ્સને આધીન રહેશે.




એક્કર ઈન્વેસ્ટર પોર્શનમાં અંડર સબ્સ્ક્રીપ્શન અથવા નોન-એલોકેશનના કિસ્સામાં બાકીના શેર્સ નેટ ક્યુઆઈબી પોર્શન (એક્કર ઈન્વેસ્ટર પોર્શન સિવાય) માં ઉમેરવામાં આવશે (the "Nª QIB Portion").

આ ઉપરાંત નેટ ક્યુઆઈબી પોર્શનના ૫ ટકા માત્ર મ્યુચ્યુઅલ ફંડ્સને જ પ્રમાણસર ધોરણે ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે, જે ઓફર કિંમત કે તેનાથી વધુ કિંમતે મળેલી માન્ય બિડ્સને આધીન રહેશે અને નેટ ક્યુઆઈબી પોર્શનનો બાકીનો હિસ્સો મ્યુચ્યુઅલ ફંડ સહિત તમામ ક્યુઆઈબીને પ્રમાણસર ધોરણે ફાળવણી માટે ઉપલબ્ધ રખાશે જે ઓફર કિંમતે અથવા તેનાથી વધુની કિંમતે મળેલી માન્ય બિડ્સને આધીન રહેશે.

આ ઉપરાંત, નેટ ઓફરના લઘુત્તમ ૧૫ ટકા નોન-ઈન્સ્ટિટ્યૂશનલ બિડર્સને ("Non-Institutional Portion") સેબી આઈસીડીઆર નિયમનો મુજબ ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે જે પૈકી નોન ઈન્સ્ટિટ્યૂશનલ પોર્શનનો એક તૃત્યાંશ હિસ્સો રૂા. ૨,૦૦,૦૦૦થી વધુ અને રૂા. ૧૦,૦૦,૦૦૦ સુધીની બિડ સાઈઝ વચ્ચેના બિડર્સ માટે ઉપલબ્ધ રહેશે અને નોન-ઈન્સ્ટિટ્યૂશનલ કેટેગરીનો બે-તૃત્યાંશ હિસ્સો રૂા. ૧૦,૦૦,૦૦૦થી વધુની બિડ સાઈઝ ધરાવતા નોન-ઈન્સ્ટિટ્યૂશનલ બિડર્સને ફાળવણી માટે અનામત રહેશે અને નોન ઈન્સ્ટિટ્યૂશનલ પોર્શનની આ બે સબ કેટેગરીઝ પૈકીની ગમે તે એકમાં અંડર સબ્સ્ક્રીપ્શનના કિસ્સામાં સેબી આઈસીડીઆર નિયમનો મુજબ નોન-ઈન્સ્ટિટ્યૂશનલ પોર્શનની અન્ય સબ કેટેગરીઝમાં બિડર્સને ફાળવવામાં આવી શકે છે જે ઓફર કિંમતે કે તેનાથી વધુ કિંમતે પ્રાપ્ત માન્ય બિડ્સને આધીન રહેશે. નેટ ઓફરના લઘુતમ ૩૫ ટકા સેબી આઈસીડીઆર નિયમનો મુજબ રિટેલ ઈન્ડિવિડ્યુઅલ બિડર્સને ("RIIs") ("Rªail Category") ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે જે ઓફર કિંમતે કે તેનાથી વધુ કિંમતે પ્રાપ્ત માન્ય બિડ્સને આધીન રહેશે. તમામ બિડર્સે (એક્કર ઈન્વેસ્ટર્સ સિવાય) આ ઓફરમાં તેમના સંબંધિત છજીમ્છ ખાતાની વિગતો અને યુપીઆઈ બિડર્સના કિસ્સામાં યુપીઆઈ આઈડી (અહીં જણાવ્યા મુજબ)ની વિગતો પૂરી પાડીને ફરજિયાતપણે એપ્લિકેશન સપોર્ટેડ બાય બ્લોકડ અમાઉન્ટ ("ASBA") પ્રોસેસ દ્વારા જ ભાગ લેવાનો રહેશે જેમાં બિડની સંબંધિત રકમ સેલ્ફ સર્ટિફાઈડ સિન્ડિકેટ બેંકો ("SCSBs") દ્વારા અથવા સ્પોન્સર બેંકો દ્વારા, જે લાગુ પડતી હોય તે, મુજબ બ્લોક કરવામાં આવશે. એક્કર ઈન્વેસ્ટર્સને છજીમ્છ પ્રોસેસ થકી એક્કર ઈન્વેસ્ટર પોર્શનમાં ભાગ લેવાની પરવાનગી નથી. વધુ વિગતો માટે પેજ ૫૦૧ પર "Offer Procedure" વાંચો.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# સીરિયાનું સંકટ

આખરે વિદ્રોહીઓએ સીરિયા પર કબ્જો કરી લીધો અને ત્યાંના શાસક બશર અલ અસદે દેશ છોડીને ભાગી જવું પડ્યું. વિદ્રોહીઓના સંગઠન હયાત તહરીર અલ-શામના લડવૈયાઓએ જે વીજળીની ગતિથી સીરિયાની રાજધાની દમિશ્કને પોતાના કબ્જામાં લઈ લીધું, તે હેરાન કરનારી બાબત છે. આ સંગઠનના વિદ્રોહીઓએ ૨૭ નવેમ્બરથી પોતાનું અભિયાન શરૂ કર્યું હતું અને પહેલાં અલેપ્પો શહેર પર કબ્જો જમાવ્યો અને ત્યારબાદ એક પછી એક શહેરોને પોતાના નિયંત્રણમાં લેતા ગયા અને અંતે દમિશ્ક પણ જઈ પહોંચ્યા. અલેપ્પોથી લઈને દમિશ્ક સુધી તેમને જે પ્રકારે આકરા પ્રતિરોધનો સામનો ન કરવો પડ્યો, તેનાથી એ સ્પષ્ટ થાય છે કે સીરિયાની સેના કમજોર પડી ચૂકી હતી. સીરિયાના લોકોએ વિદ્રોહીઓનું જે ઉત્સાહ સાથે સ્વાગત કર્યું, તેનાથી એ પણ ખબર પડે છે કે બશર અલ અસદ ત્યાં કેટલા અલોકપ્રિય થઈ ગયા હતા. આ અલોકપ્રિયતાનું કારણ તેમનું સીરિયા પર નિર્મમ રીતે શાસન કરવાનું રહ્યું. સીરિયા લગભગ ૧૩ વર્ષથી અસ્થિરતા અને અશાંતિ સામે ઝઝૂમી રહ્યું છે. તે વિદ્રોહી જૂથોની સાથે સાથે આંતરરાષ્ટ્રીય તાકાતોનો અખાડો પણ બની ચૂક્યું છે. એક તરફ જ્યાં રશિયા અને ઈરાન અસદ સરકારના સમર્થનમાં ઊભા હતા, ત્યારે બીજી તરફ તુર્કિયે, અમેરિકા અને ઈઝરાયલ અસદ સરકારનું પતન ઈચ્છી રહ્યા હતા. આ વખતે ઈરાન અને રશિયા અસદની સહાયતા એટલા માટે ન કરી શકાય, કારણ કે જ્યાં ઈરાન ઈઝરાયલની સાથે ગૂંચવાયેલું છે, ત્યાં જ રશિયા યુક્રેનમાં ફસાયેલું છે. સીરિયામાં વિદ્રોહીઓનો કબ્જો ઈરાન માટે મોટો ઝાટકો છે. એમાં શંકા છે કે સીરિયામાં પોતાના સમર્થનવાળી સરકારના પતન બાદ ઈરાન શાંતિથી બેસશે.

ભલે વિદ્રોહી કોઈ મોટા રક્તપાત વગર સીરિયામાં સ્થાપિત થઈ ગયા હોય, પરંતુ ત્યાં સ્થાયી રૂપે શાંતિ સ્થપાવાના અણસાર એટલા માટે ઓછા છે, કારણ કે તુર્કિયે સીરિયાને પોતાની રીતે ચલાવવા માગે છે. તે ઉપરાંત સીરિયાના એક હિસ્સા પર રાજ કરતા કુર્દ લડવૈયા પોતાની જમીન છોડવા તૈયાર નથી, જ્યારે તુર્કિયે તમને પોતાના માટે ખતરા રૂપે જુએ છે. સીરિયામાં અશાંતિ અને અસ્થિરતાનો ખતરો એટલા માટે પણ દેખાઈ રહ્યો છે, કારણ કે હયાત તહરીર અલ-શામમાં વસ્તુતઃ એ જ લડવૈયા છે જે ક્યારેક અલકાયદા અને ઈસ્લામિક સ્ટેટની સાથે હતા. જો આ સંગઠન સીરિયામાં શાંતિ અને સ્થિરતા લાવવાને બદલે પોતાના પ્રભાવ ક્ષેત્રને વધારવાની કોશિશ કરે છે તો ઈઝરાયલ અને કુર્દ વિદ્રોહીઓ સાથે તેનો ટકરાવ નક્કી છે. હવે પશ્ચિમ એશિયાના દેશોએ એ સુનિશ્ચિત કરવું પડશે કે હયાત તહરીર અલ-શામનો સીરિયા પર કબ્જો જેહાદી તત્ત્વોનું મનોબળ વધારવાનું કામ ન કરે. એની ભરપૂર આશંકા છે કે સીરિયામાં જે કંઈ કહ્યું, તેનાથી દુનિયાભરના જેહાદી સંગઠનો બેલગામ થઈ શકે છે, તેથી ભારતે સતર્ક રહેવું પડશે. કારણ કે પાકિસ્તાનમાં તો એવા સંગઠનોની સક્રિયતા છે જ, જે હવે બાંગ્લાદેશમાં પણ માથું ઊંચકતા દેખાઈ રહ્યા છે.

## ઉના સમસ્ત બ્રહ્મ સમાજ અને શાળાનું ગૌરવ



(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૨૦

ગીર સોમનાથ જિલ્લાના ઊનાની ગાંધી કન્યા વિદ્યાલય હાઈસ્કુલમાં અભ્યાસ કરતી જાહનવી બેન એન. પાઠકએ જૂનાગઢ મુકામે જી.સી.આર.ટી. ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ તાલીમ ભવન જૂનાગઢ આયોજિત કલા ઉત્સવ ૨૦૨૪-૨૦૨૫ ઝોન કક્ષાનો કલા ઉત્સવ ડાયેટ જૂનાગઢ ખાતે યોજાયો હતો. જેમાં જાહનવીબેન એન. પાઠકે વાદન સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે વિજેતા જાહેર થતાં તેમણે સમસ્ત બ્રહ્મ સમાજ અને શાળાનું ગૌરવ વધાર્યું છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ખોરાક સ્વાદ લેવા માટે નહીં પરંતુ શરીરના પાલન માટે છે. - સ્વામી વિવેકાનંદ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.અમરદાદ-૧૩૯૪, મુ. જમાદુલ આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, માગસર વદ-૫, તા.૨૦ ડિસેમ્બર ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૮, મુસ્લિમ તા.૧૮, મઘા નક્ષત્ર, વિષ્કુંભ યોગ, ગર કરણ, સૂ.ઉ.૭:૨૯, સૂ.અ.૬:૧૦


આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષઃ મિલ્કતને લગતા પ્રશ્નોમાં વિઘ્ન આવે. પ્રાવસ દ્વારા લાભ થાય.
વૃષભઃમનમાં ચંચળતા રહે. કાર્યબોજમાં વધારો થાય.
મિથુનઃવાદ-વિવાદથી દૂર રહેવું હિતાવહ. સંતાન બાબતે ચિંતા રહે.
કર્કઃ ભાગીદારી કે જીવનસાથી સાથે મતભેદ રહે.
સિંહઃ લાભની તક મળે. મહત્વની કામગીરીમાં પ્રગતિ થાય.
કન્યાઃ ગૃહજીવનમાં આનંદ-ઉત્સાહ રહે. માંગલિક આયોજન થાય.
તુલાઃ અણધાર્યો પ્રવાસ થાય. નવિન ખરીદીના યોગ છે.
વૃશ્ચિકઃમોઢે આવેલો કોળિયો છીનવાઈ જાય. પડવાથી સંભાળવું.
ધનઃ આરોગ્ય અંગે સાવચેત રહેવું. અણધાર્યો લાભ થાય.
મકરઃ શત્રુઓ નમતા આવે. મનની મુરાદ બર આવે.
કુંભઃ કાર્યબોજમાં વધારો થાય. વાણી સંયમ જાળવવો હિતાવહ.
મીનઃ મહત્વના પ્રશ્નમાં ગુંચવણ પેદા થાય.

# સમગ્ર દેશમાં 'ઈ- પાસ સિસ્ટમ'ની શરૂઆત કરવામાં ગુજરાત પ્રથમ : બીજા શૈક્ષણિક સત્રથી શરૂ કરવામાં આવેલી 'ઈ-પાસ સિસ્ટમ'નો અત્યાર સુધીમાં કુલ ૨.૭૫ લાખથી વધુ વિદ્યાર્થીઓએ લાભ લીધો




(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૦

દેશભરમાં 'ઈ-પાસ સિસ્ટમ' પ્રથમ વખત જ ગુજરાત એસ.ટી વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી છે. રાજ્યમાં બીજા શૈક્ષણિક સત્રથી શરૂ કરવામાં આવેલી 'ઈ-પાસ સિસ્ટમ'નો અત્યાર સુધીમાં કુલ ૨.૭૫ લાખથી વધુ વિદ્યાર્થીઓએ લાભ લીધો છે, જ્યારે ૭૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ ઓનલાઈન E- Pass કરાવીને ડિજિટલ ગુજરાત અભિયાનમાં સહભાગી થયા છે. જ્યારે ગ્રામીણ ક્ષેત્રમાંથી આવતી વિદ્યાર્થીનીઓને એસ.ટી નિગમ દ્વારા આ પાસ વિનામૂલ્યે આપવામાં આવે છે, જેમાં અન્ય વિદ્યાર્થીઓને પાસ મેળવવા માટે ૮૨.૫ ટકા કન્સેશન આપવામાં આવે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં સમગ્ર દેશમાં ઈ-ગવર્નન્સનું ઉત્તમ ઉદાહરણ ગુજરાતે પૂરૂ પાડ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે 'ઈ-પાસ સિસ્ટમ'નું તા. ૦૮ જૂન ૨૦૨૩ના રોજ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ યોજનાનો મુખ્ય હેતુ શાળા-કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓનો સમયની બચત થાય તેમજ વિદ્યાર્થીઓને એસ.ટી.બસના પાસ કઢાવવા માટે લાંબી લાઈનોમાં ઉભુ રહેવું ન પડે તેમજ વારંવાર ધક્કા ખાવા ન પડે, ફોર્મમાં વિગતો ભરવાની ઝંઝટમાંથી મુક્તિ મળે અને વિદ્યાર્થી કોઈપણ જાતની હેરાનગતિ, દોડધામ કે માનસિક ત્રાસ વગર સરળતાથી બસનો મુસાફરી પાસ કાઢી શકે તે માટે શિક્ષણ વિભાગ સાથે API મારફતે Pass System Integration કરી ચાલુ શૈક્ષણિક વર્ષથી ઓનલાઈન ઈ-પાસ કાઢી આપવામાં આવે છે. ઈ-પાસ સિસ્ટમની વિદ્યાર્થી જાતે જ ઓનલાઈન એપ્લીકેશન કરી શકે છે. જે-તે શૈક્ષણિક સંસ્થા દ્વારા ઓનલાઈન એપ્લીકેશન મંજૂર કરવામાં આવે છે. મંજૂર થયેલા ફોર્મ વિદ્યાર્થીએ નક્કી કરેલા એસ.ટી વિભાગના કાઉન્ટર પર જતું રહે છે અને ત્યાં જઈને ફોર્મ નંબર આપી જરૂરી પાસના પૈસા ઓનલાઈન- કેશમાં ચૂકવી પાસ કલેક્ટ કરી શકે છે. જેનાથી વિદ્યાર્થીઓ માટે પાસ કાઢવાનું સરળ બની રહે છે. અરજી નંબરના આધારે વિદ્યાર્થી તેની અરજી અંગે લેટેસ્ટ સ્ટેટસ પણ ચેક કરી શકે છે તેમ ગુજરાત વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવાયું છે.

## બાળકોની આવડતને વિશાળ પ્લેટફોર્મ આપતુ અલાયદુ આયોજનઃ ક્રિસ્ટલ સ્કિલ એક્સ્પો

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨૦

''શિખવે તે શિક્ષણ'' અને ''કેળવે તે કેળવણી'' ઉક્તિને ચરિતાર્થ કરતી રાજકોટ શહેરની નામાંકિત શૈક્ષણિક સંસ્થા ક્રિસ્ટલ સ્કૂલ્સ બાળકના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ હોય છે. ''દરેક બાળક શ્રેષ્ઠ છે'' આ પાયાના સિદ્ધાંત ઉપર છેલ્લા ૧૬ વર્ષથી કાર્યરત આ શાળાએ બાળકોની સ્કિલ (આવડત) ને ખિલવવા વિશેષ પ્રયત્ન કર્યો. તેના પરિણામ આજે અનેક રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય રેકોર્ડ આ શાળાના બાળકો ધરાવે છે. બોર્ડના પરિણામોમાં ટોપર વિદ્યાર્થી આપતી આ શાળા પ્રવૃત્તિ અને રમતગમતમાં પણ બાળકોને સિદ્ધીઓ અપાવે છે. તેનુ કારણ શાળાના વાર્ષિક આયોજનમાં જ બાળકના શારિરીક-માનસિક અને બૌદ્ધિકવિકાસને અગ્રીમતા આપવામાં આવે છે. શાળા સમગ્ર વર્ષ દરમ્યાન પ્રવૃત્તિલક્ષી શિક્ષણની સાથે મેગા ઈવેન્ટ દ્વારા દરેક બાળક- વાલી અને શિક્ષકોને સાથે જોડવાનો પ્રયત્ન કરે છે.

જેમાં આ વર્ષ શાળાએ દરેક બાળકની આવડતને આવકાર આપવા વિશાળ ''ક્રિસ્ટલ સ્કિલ એક્સ્પો'' નું ભવ્ય આયોજન કર્યુ છે. શાળાના જ બાળકો વિશાળ સંખ્યામાં રોબોટિકસ & AI, એક્ટિવીટી ઝોન, વોટર એનિમલ શો, ઈનોવેટિવ ફેશન શો, ટ્રેડિશનલ પપેટ શો, ધ ગ્રેટ ગોલ્ડન સર્કસ, ફેરીલેન્ડ, સ્કીલ ઝોન, પેરેન્ટીંગ ઝોન, મેથ્સ ઝોન, સાયન્સ ઝોન, લેંગ્વેજ ઝોન, હેલ્થ ઝોન, લાઈવ પરફોર્મન્સ, કિડ્સ ઝોન & ફૂડ ઝોન, ગેમ ઝોન, યુનિવર્સ થીમ, માર્કેટ (બાઝાર) થીમ, ફલાવર વેલી, સાંસ્કૃતિક ઝોન ટાઈટલ અંતર્ગત પોતાની આવડત રજૂ કરશે. શાળાના ચેરમેન રણજીતસરે જણાવ્યું કે કોઈપણ શાળામાં અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થીના વાલીએ પોતાન સંતાન સાથે આ એક્સ્પોની મૂલાકાત અચૂક પણે લેવી જોઈએ. અહીં દરેક વ્યકિતને શીખવા મળે તેવું શ્રેષ્ઠ આયોજન કર્યુ છે. આપને ઘણું શીખવા-સમજવા મળશે. શાળામાં યોજાનાર ત્રિ-દિવસીય મહોત્સવ એટલે કે તા. ૨૦,૨૧,૨૨ ડિસેમ્બરના રોજ બપોરે ૩ થી ૭ આપ સૌ પોતાના પરિવાર સાથે મુલાકાત લો તેવું આપ સૌને ભાવભર્યુ આમંત્રણ છે.

## ખંભાળિયાની સેવાકુંજ હવેલીમાં શ્રી ગુસાઈજીના પ્રાગટ્ય ઉત્સવ નિમિત્તે મંગળવારે વિવિધ આયોજનો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૦

જગતગુરૂ શ્રી વલ્લભાચાર્યજીના દ્વિતીય કુમાર શ્રી વિઠ્ઠલનાથજીના ૫૧૦ માં પ્રાગટ્ય ઉત્સવ નિમિત્તે ખંભાળિયામાં વૈષ્ણવો દ્વારા આગામી મંગળવાર તારીખ ૨૪ ડિસેમ્બરના રોજ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મંગળવારે અત્રે બરછા સ્ટ્રીટ ખાતે આવેલી સેવાકુંજ હવેલીમાં જુદા જુદા કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. શ્રી ગુસાઈજીના પ્રાગટ્ય ઉત્સવ (જલેબી ઉત્સવ) નિમિત્તે સર્વ કાર્યક્રમોનું આયોજન પણ થયું છે. જેમાં આવેલી સેવાકુંજ હવેલી સંચાલિત સેવાનિધિ પાઠશાળાના બાળકો તેમજ સત્સંગ મંડળ દ્વારા સુંદર કાર્યક્રમ યોજવામાં આવ્યા છે. બાળકો દ્વારા શ્રી ગુસાઈજીની વાર્તા, નાટિકા નૃત્ય, વધાઈ કીર્તન તેમજ બહેનો દ્વારા રાસ થશે. સાંજે ૬:૩૦ થી ૮:૩૦ વાગ્યા સુધી રહેશે. આ વરણાંગીના મનોરથી તરીકે વિનુભાઈ બરછા (ઘી વાળા) રહેશે. આ સાથે અમાસ સુધી દરરોજ સાંજે ૪ થી ૬ દરમિયાન શ્રી ગુસાઈજીના પાઠ તેમજ તારીખ ૨૫ ના રોજ શ્રી યમુનાષ્ટકના ૧૦૮ પાદ અને ૧૦૮ પદ થશે. આ ધાર્મિક કાર્યક્રમમાં જોડાવા માટે વૈષ્ણવ ભાઈઓ બહેનોને હવેલીના પૂજ્ય માધવી વહુજી તેમજ વિનુભાઈ બરછા દ્વારા અપીલ કરવામાં આવી છે.

## ભારત સરકાર દ્વારા ઓખામંડળના ક્ષત્રિય વાઘેર જ્ઞાતિના પ્રથમ નોટરી તરીકે નિમણુંક



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૦

હાલમાં ભારત સરકાર ના મિનિસ્ટ્રી ઓફ લો એન્ડ જસ્ટિસ ડિપાર્ટમેન્ટ ઓફ લીગલ અફેર્સ, ન્યુ દિલ્હી દ્વારા તા.૧૮/૧૨/૨૦૨૪ના રોજથી ખ્યાતનામ વકીલ જયંત માણેકની ભારત સરકાર દ્વારા નોટરી તરીકે નિમણુંક કરવામાં આવેલ છે. જે ઓખામંડળના ક્ષત્રિય વાઘેર જ્ઞાતિના પ્રથમ નોટરી પદ પ્રાપ્ત કરેલ વકીલ હોય સમગ્ર વાઘેર જ્ઞાતિનું એક પ્રકારે ગૌરવ સમાન સિધ્ધિ કહી શકાય અને અન્ય યુવાઓ માટે પ્રેરણારૂપ બની રહેલ છે. જે નોટરી પદ મેળવવા બદલ ઠેર ઠેરથી અભિનંદનો પાઠવાઈ રહેલ છે અત્રે ઉલ્લેખનિય છે કે તેઓએ આ અગાઉ જજના પદ માટે ની લેખિત પરિક્ષા પણ પાસ કરી ચૂકેલા અને ગુજરાત હાઈકોર્ટ દ્વારા તેઓને ઓરલ ઈન્ટરવ્યુ માટે પણ કોલ મોકલવામાં આવેલ જે પણ ઓખામંડળના ક્ષત્રિય વાઘેર જ્ઞાતિનું ગૌરવ વધારતું અને શિક્ષિત યુવાનો માટે નિરાશા ત્યાગી 'સિધ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય'', ના સિધ્ધાંત મુજબ સકારાત્મક અભિગમ અપનાવી કર્મ કરતાં રહેવા માટે પ્રેરણારૂપ ઉદાહરણ બની રહેલ છે.

## રાજ્યમાં પોષણ શક્તિ અંગે ખાનગીકરણ ન થાય તે માટે રજૂઆત



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૦

પી.એમ. પોષણ શક્તિ નિર્માણ યોજના ગુજરાત રાજ્યના પ્રદેશ કન્વીનર તેમજ ગુજરાત કરાર આધારિત આઉટસોર્સિંગ માનવ વેતન ધારક અને રોજમદાર કર્મચારી મહા સંઘ તેઓના માધ્યમથી ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં વિવિધ વિભાગોના મંત્રીઓને મળીને પી.એમ. પોષણમાં ખાનગીકરણ ન થાય અને જે સ્થિતિ છે તે જ સમગ્ર રાજ્યમાં જાળવી રાખવા માટેની માંગ કરવામાં આવી છે. આ માંગણી મંત્રીઓ મારફતે મુખ્યમંત્રી સમક્ષ કરવા માટે એક પ્રદેશ ટીમ પ્રદેશ કન્વીનર વીરાભાઈ ચેતરીયા, રસિકભાઈ ગોરધનભાઈ, સામતભાઈ લગારીયા, કારાભાઈ મોઢવાડિયા, કાનાભાઈ ગોરાણીયા તેમજ વિવિધ જિલ્લાના આગેવાનો અને તેમની ટીમ દ્વારા ગુજરાતમાં એનજી.ઓ.કરણ ન થાય અને જે સ્થિતિ છે તે જાળવી રાખે તે માટે ગુજરાતના તમામ મામલતદાર અને તમામ પ્રાંત અધિકારી તેમજ કલેકટરને એક લેખિત રજૂઆત કરીને રજૂઆતો કરી છે.

## પોરબંદર છાયા નગરપાલિકાના વોર્ડ-૨ના કાઉન્સિલરે પોરબંદરમાં વધારે આધાર સેન્ટરો શરૂ કરવા કલેકટરરને રજુઆત કરી

### અરજદારોને નામ સુધારો કરવા, આધાર અપડેટ કરવા, રેશનકાર્ડ લિંક કરવા હાડમારી નિવારવા મહેન્દ્રસિંહ ચાવડાની રજુઆત



(પ્રતિનિધિ દ્વારા)

ગોસા (ઘેડ) તા.૨૦

પોરબંદર છાયા નગરપાલિકા વોર્ડ નંબર-૨ના કાઉન્સિલર મહેન્દ્રસિંહ ઉદયસિંહ ચાવડાએ પોરબંદર જિલ્લા કલેકટરને પત્ર પાઠવી આધાર કાર્ડ અને રેશનકાર્ડ KYC કરવાની કામગીરીમાં અરજદારોને પારાવાર હાલાકી ગોઠવવી પડતી હોવાથી આ સમસ્યાનું નિરાકરણ લાવવા પોરબંદરમાં વધારે આધાર કેન્દ્રો શરૂ કરવામાં આવે તેવી માંગણી કરી છે. પોરબંદર નગરપાલિકાના વોર્ડ નંબર-૨ ના કાઉન્સિલર મહેન્દ્રસિંહ ઉદયસિંહ ચાવડા જિલ્લા કલેક્ટર પત્ર દ્વારા જણાવેલ છે કે અત્યારે પોરબંદર જિલ્લા ઉપરાંત સમગ્ર રાજ્યમાં આધાર કાર્ડ અને રેશનકાર્ડ લિંક કરવાની કામગીરી ચાલુ છે. પરંતુ પોરબંદરમાં અત્યારે આધારના સેન્ટરોમાં ઘણી વખત સર્વર ડાઉન હોય જેના કારણે કામગીરી ઠપ થઈ જાય છે. અને આધાર અપડેટ કરવાની તેમજ રેશનકાર્ડ લિંક કરવામાં અરજદારોને ભારે હાડમારીનો સામનો કરવો પડે છે. સરકાર દ્વારા અત્યારે ચાલતી આ કામગીરીમાં દરેક નાગરિકોના આધારમાં મોબાઈલ નંબર રજીસ્ટર હોવા જરૂરી છે. જેમાં ઘણા નાગરિકોના મોબાઈલ નંબર રજીસ્ટરના હોવાને લીધે આધાર રેશનકાર્ડ સાથે કેવાયસી થતી નથી. પોરબંદર છાયાના સુધરાઈ સભ્ય મહેન્દ્રસિંહ ચાવડાએ પોરબંદર કલેક્ટરને વધુમાં જણાવવાનું કે હાલમાં વિદ્યાર્થીઓના સ્કોલરશીપના ફોર્મ ભરવા માટે પણ કેવાયસી ફરજીયાત હોય અને નામ સુધારણા તેમજ નાના મોટા સુધારા કરવા માટે જેમાં આધાર અપડેટ કરવા, આધારમાં નંબર બદલવા, કે રેશનકાર્ડમાં કેવાયસી નું કામ કરવા હવે તારો પોતાના કામ કરતા મૂકીને આવી કામગીરી કરવા માટે પોરબંદરમાં ખુબજ લાંબી લાઈનો હોય જેમના હિસાબે આધાર સેન્ટરોમાં ખુબ જ ભીડ જોવા મળી રહી છે અને નાગરિકો હેરાન થાય છે. વિશેષ પોરબંદર છાયા નગરપાલિકાના વોર્ડ નંબર ૨ ના કાઉન્સિલરે લખેલ કે અમને મળેલા માહિતી મુજબ દરેક ગ્રામ પંચાયતમાં આધાર કાર્ડની કીટ ઉપલબ્ધ નથી.ઉપરાંત દરેક નાની પોસ્ટ ઓફિસોમાં પણ આધાર કીટ એક્ટીવ કરીને કામગીરી કરવામાં આવતી નથી. અમારી આપને અરજ છે કે તાત્કાલિક ધોરણે બંધ આધાર કીટ એક્ટીવ કરીને કામગીરી શરૂ કરાવવા અરજ છે.જેથી કરીને પોરબંદરના વિવિધ શહેર તેમજ ગામડામાંથી આવતા નાગરિકો હેરાન થતા બંધ થાય અને લોકોની સુવિધામાં વધારો થાય.અને હેરાનગતિ થતી નિવારી શકાય. તો યોગ્ય કરવા વિનંતી કરી છે.

## સુનિતા વિલિયમ્સ માર્ચ સુધી પૃથ્વી પર પાછી નહીં આવી શકે

### આ મિશન માત્ર આઠ દિવસ માટે હતું પરંતુ ત્યાં પહોંચતા પહેલા જ સ્ટારલાઈનરમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી અને તેમનું પરત ફરવાનું મુલતવી રાખવામાં આવ્યું



વોશિંગ્ટન, તા.૨૦

નાસાએ ભારતીય મૂળની અવકાશયાત્રી સુનીતા વિલિયમ્સની વાપસીને લઈને એક નવું અપડેટ જારી કર્યું છે. આ મુજબ અવકાશમાં ફસાયેલી સુનીતા વિલિયમ્સની વાપસી વધુ એકવાર મુલતવી રાખવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે સુનીતા વિલિયમ્સ અને તેના પાર્ટનર બૂચ વિલ્મોર છેલ્લા ઘણા મહિનાઓથી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં અટવાયેલા છે.

અગાઉ તે ફેબ્રુઆરીમાં પૃથ્વી પર પરત ફરવાના હતા. જોકે, નાસાએ મંગળવારે જણાવ્યું હતું કે તેમને પાછા લાવવાનું મિશન વધુ વિલંબિત થશે. હવે તેઓએ ઓછામાં ઓછા માર્ચના અંત સુધી ત્યાં રહેવું પડશે.ઉલ્લેખનીય છે કે વરિષ્ઠ અવકાશયાત્રીઓ સુનિતા વિલિયમ્સ અને બૂચ વિલ્મોર જૂનમાં બોઈંગના સ્ટારલાઈનર અવકાશયાનમાં ISS પર પહોંચ્યા હતા.આ મિશન માત્ર આઠ દિવસ માટે હતું પરંતુ ત્યાં પહોંચતા પહેલા જ સ્ટારલાઈનરમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી અને તેમનું પરત ફરવાનું મુલતવી રાખવામાં આવ્યું. હવે નાસાએ એક બ્લોગ પોસ્ટમાં પરત ફરવાની વધુ રાહ વિશે માહિતી શેર કરી છે જે મુજબ આઠ દિવસનું આ મિશન ૯ મહિનાથી વધુ લંબાઈ ગયું છે. સુનિતા વિલિયમ્સ અને બૂચ વિલ્મોરને પરત કરવા માટે બીજું યાન અવકાશમાં મોકલવામાં આવ્યું હતું. ક્રૂ-૯ ના બે અવકાશયાત્રીઓ સપ્ટેમ્બરમાં ડ્રેગન અવકાશયાન દ્વારા જીજી પહોંચ્યા હતા. સુનિતા વિલિયમ્સ અને વિલ્મોર માટે બે બેઠકો ખાલી હતી. પ્લાન એવો હતો કે ચારેય ફેબ્રુઆરી ૨૦૨૫માં ધરતી પર પરત ફરશે. જો કે, નાસાએ મંગળવારે જણાવ્યું હતું કે ક્રૂ-૧૦, જે ક્રૂ -૯ અને તે બે અવકાશયાત્રીઓને લઈ જશે. પરંતુ તે માર્ચ ૨૦૨૫ પહેલા લોન્ચ કરી શકાશે નહીં.

## ભાજપ શાસિત તમામ રાજ્યોમાં UCC લાગુ કરાશેઃ અમિત શાહ

નવી દિલ્હી, તા.૨૦

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાજ્યસભામાં જણાવ્યું હતું કે, ભાજપ શાસિત તમામ રાજ્યોમાં ઉત્તરાખંડની જેમ યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) લાગુ કરાશે. યુસીસીથી લઈને અનામત સહિતના મામલે કોંગ્રેસ પર પ્રહાર કરતાં અમિત શાહે કોંગ્રેસ પર ખુશામતનું રાજકારણ રમવાનો આક્ષેપ મુક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, બંધારણની કલમ ૪૪માં સમાન નાગરિક સંહિતાનો ઉલ્લેખ છે. જવાહર લાલ નહેરુ દ્વારા મુસ્લિમ પર્સનલ લો અમલી બનાવવાને કારણે યુસીસીનો અમલ શક્ય બન્યો નહોતો. તેમણે કોંગ્રેસને સવાલ કર્યો હતો કે શું એક બિનસાંપ્રદાયિક દેશમાં તમામ માટે એક સમાન કાયદો ના હોવો જોઈએ? કોંગ્રેસે મુસ્લિમો માટે અલગ પર્સનલ લો અમલી બનાવ્યાં પરંતુ ફોજદારી કાયદા કોમન રાખ્યાં. જો મુસ્લિમ પર્સનલ લો જોઈતો હોય તો તે સંપૂર્ણ સ્વરૂપે અમલી બનાવવો જોઈએ. ફોજદારી ગુનાઓમાં શરિયાનો કાયદો કેમ નથી લાગુ પાડવામાં આવતો? શું તમે ચોરી કરનાર વ્યક્તિનો હાથ કાપી નાખશો? ઉતરાખંડમાં યુનિફોર્મ સિવિલ કોડ જાન્યુઆરી ૨૦૨૫થી લાગુ થશે. યુસીસી લાગુ કરવા માટે સરકાર તરફથી તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે, તેમ મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ જણાવ્યું છે. મુખ્યમંત્રી ધામીએ કહ્યું કે, ઉતરાખંડને ન્યાયસંગત અને સમતામૂલક બનાવવાની દિશામાં ઐતિહાસિક પગલાં ભરવા માટે સરકાર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. સચિવાલયમાં ઉતરાખંડ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ બોર્ડની બેઠક પછી મુખ્યમંત્રી ધામીએ કહ્યું કે, ઉતરાખંડ સરકાર પોતાના સંકલ્પ મુજબ સમાન નાગરિક સંહિતા લાગુ કરવાની દિશામાં હોમવર્ક સંપન્ન કરી ચૂકી છે. માર્ચ ૨૦૨૨માં રાજ્યની નવી સરકાર રચાયા પછી મંત્રીમંડળની પ્રથમ બેઠકમાં જ રાજ્યમાં યુસીસી લાગુ કરવા માટે એક તજજ્ઞ સમિતિ રચવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

# ઈન્ડિયા બ્લોક સાથી ઓમર અબ્દુલ્લાહ અને હવે અભિષેક બેનરજીએ EVM હેકિંગના કોંગ્રેસના આરોપ મુદ્દે સાથ છોડ્યો



નવી દિલ્હી, તા.૧૯

નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લાહે ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (EVM) સામે કોંગ્રેસની આગેવાની હેઠળના આરોપોને સાથ ન આપ્યા પછી અન્ય મુખ્ય વિરોધ પક્ષે મશીનોને લગતા પ્રશ્નોને ફગાવી દીધા છે. તૃણમૂલ કોંગ્રેસના સાંસદ અને મહાસચિવ અભિષેક બેનરજીએ કહ્યું છે કે, જેઓ EVM ઉપર શંકા કરે છે તેઓએ તે દર્શાવવું જોઈએ કે તેને કેવી રીતે હેક કરી શકાય છે. જે લોકો EVM ઉપર પ્રશ્નો ઊઠાવે છે, જો તેમની પાસે કંઈપણ હોય તો તેઓએ ચૂંટણી પંચને ડેમો બતાવવો જોઈએ. જો EVM રેન્ડમાઈઝેશન સમયે કામ યોગ્ય રીતે કરવામાં આવે અને મોક પોલ અને મતગણતરી દરમ્યાન લોકો બૂથ ઉપર યોગ્ય રીતે કામ કરે, મને નથી લાગતું કે આ આરોપોમાં કોઈ તથ્ય છે. તેમણે કહ્યું કે, જો હજુ પણ કોઈને લાગે છે કે, EVM હેક થઈ શકે છે, તો તેણે ચૂંટણી પંચને મળવું જોઈએ અને બતાવવું જોઈએ કે EVM કેવી રીતે હેક થઈ શકે છે. માત્ર નિવેદનો કરીને કંઈ થઈ શકતું નથી. કેન્દ્રીય મંત્રી સતીશ ચંદ્ર દુબેએ કહ્યું કે, તૃણમૂલ નેતા સત્ય સમજી ગયા છે. તાજેતરમાં બે ચૂંટણીઓ થઈ છે. જમ્મુ અને કાશ્મીર અને ઝારખંડમાં. જમ્મુ અને કાશ્મીરમાં જે પક્ષ જીત્યો તે ઈન્ડિયા ગઠબંધનનો ભાગ છે અને તે સમયે EVM અંગે કોઈ પ્રશ્ન ઊઠાવવામાં આવ્યો ન હતો. ઝારખંડમાં ઈન્ડિયા ગઠબંધન જીત્યું હતું અને કોઈ આરોપો કરવામાં આવ્યા ન હતા. જૂઠાણાના આધારે ગઠબંધન લાંબા સમય સુધી ટકી શકતું નથી. હરિયાણા અને મહારાષ્ટ્રની ચૂંટણીના પરિણામો બાદ કોંગ્રેસ અને અન્ય વિપક્ષી દળોએ EVM અંગે પ્રશ્નો ઊઠાવ્યા હતા. ભાજપે ઝારખંડની ચૂંટણીના પરિણામોને ટાંકીને વળતો પ્રહાર કર્યો અને કહ્યું કે, વિપક્ષ જ્યારે ચૂંટણી હારે ત્યારે જ EVMનો મુદ્દો ઊઠાવે છે. પરંતુ કોંગ્રેસના કેટલાક સાથીઓએ EVM સામેના આક્રમણને રદિયો આપ્યો છે. નેશનલ કોન્ફરન્સના નેતા અને જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાહે કહ્યું છે કે, મતદાન પદ્ધતિ ઉપર સવાલ ઊઠાવવામાં સાવધ રહેવું જોઈએ. જ્યારે તમે સમાન EVMનો ઉપયોગ કરીને વધુ સભ્યોની જીત મેળવો છો અને તમે તેને તમારા પક્ષની જીત તરીકે ઉજવો છો. અમને આ પસંદ નથી. અબ્દુલ્લાહે કહ્યું કે, જો તમને EVMમાં સમસ્યા હોય તો તમારે તે સમસ્યાઓમાં સતત રહેવું જોઈએ. તેમણે કહ્યું, જો પક્ષો મતદાન પદ્ધતિ ઉપર વિશ્વાસ ન કરતા હોય તો તેમણે ચૂંટણી લડવી જોઈએ નહીં. લોકસભાની ચૂંટણીમાં હારવાનું અને મહિનાઓ પછી વિધાનસભાની ચૂંટણીમાં મોટી જીત મેળવવાનું પોતાનું ઉદાહરણ આપતાં તેમણે કહ્યું કે, એક દિવસ મતદારો તમને પસંદ કરે છે, બીજા દિવસે તેઓ પસંદ કરતા નથી. મેં ક્યારેય મશીનોને દોષ આપ્યો નથી. કોંગ્રેસના સાંસદ બી. મણિકમ ટાગોરે જવાબ આપ્યો કે શા માટે અબ્દુલ્લાહ મુખ્યમંત્રી બન્યા પછી કોંગ્રેસના ભાગીદારો પ્રત્યે આ અભિગમ અપનાવી રહ્યા હતા. તે સમાજવાદી પાર્ટી, NCP અને શિવસેના UBT છે જે EVM વિરૂદ્ધ બોલ્યા છે. કૃપયુ કરીને તમારા તથ્યો તપાસો. કોંગ્રેસ CWC ઠરાવ સ્પષ્ટપણે ECIને જ સંબોધે છે. મુખ્યમંત્રી બન્યા પછી અમારા ભાગીદારો પ્રત્યે આ અભિગમ શા માટે છે ? કેન્દ્રીય મંત્રી સતીશ ચંદ્ર દુબેએ કહ્યું કે, તૃણમૂલ નેતા સત્ય સમજી ગયા છે. તાજેતરમાં બે ચૂંટણીઓ થઈ છે. જમ્મુ અને કાશ્મીર અને ઝારખંડમાં. જમ્મુ અને કાશ્મીરમાં જે પક્ષ જીત્યો તે ઈન્ડિયા ગઠબંધનનો ભાગ છે અને તે સમયે EVM અંગે કોઈ પ્રશ્ન ઊઠાવવામાં આવ્યો ન હતો. ઝારખંડમાં ઈન્ડિયા ગઠબંધન જીત્યું હતું અને કોઈ આરોપો કરવામાં આવ્યા ન હતા. જૂઠાણાના આધારે ગઠબંધન લાંબા સમય સુધી ટકી શકતું નથી.

# સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના માછીમારો સામ-સામે

અમદાવાદ, તા.૨૦

છેલ્લા ૧૨ વર્ષથી સૌરાષ્ટ્રના અને દક્ષિણ ગુજરાતના માછીમારો વચ્ચે લઈને ઘર્ષણ થતું આવ્યું છે. ત્યારે ફરીવાર ગુજરાતનામાછીમારો વચ્ચે હદને લઈને વિવાદ વકર્યો છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના માછીમારો માછીમારી મુદ્દે સામસામે છે. સૌરાષ્ટ્રના જાફરાબાદ સહિતના વિસ્તારના માછીમારો ઘૂસીને માછીમારી કરી જતાં હોવાથી દક્ષિણ ગુજરાતના માછીમારોની રોજગારી છીનવાતી હોવાનો આરોપ લગાવી રહ્યા છે. આ મુદ્દે વલસાડનાઉમરગામ ખાતે માછીમારોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. માછીમારોએ બંધ પાળીને માછીમારીથી અળગા રહ્યા હતા. આ મુદ્દે સમાધાન નહીં થાય તો વલસાડથી ભરૂચના ૭૦૦ માછીમારો આંદોલન કરશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી છે. વલસાડ જિલ્લા સહિત દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાના કલેક્ટરોને આવેદન પત્ર પાઠવી માછીમારોએ સૌરાષ્ટ્રના જાફરાબાદ સહિતના વિસ્તારના માછીમારી મોટી બોટ લઈને વલસાડ જિલ્લા સહિત દક્ષિણ ગુજરાતના માછીમારીની સરહદમાં પ્રવેશી નાના માછીમારીની જાળને નુકસાન પહોંચાડી આર્થિક નુકસાન પહોંચાડી રહ્યા છે. માછીમાર સંઘ દ્વારા પણ સમાધાન કરવાનો પ્રયાસ કરવા છતાં કોઈ કાર્યવાહી ન કરતા દક્ષિણ ગુજરાતના તમામ કલેક્ટર સહિત ગાંધીનગર સુધીના અધિકારીઓને માછીમાર સંઘ દ્વારા વારંવાર રજૂઆત કરવામાં આવી છે. જાફરાબાદ અને દક્ષિણ ગુજરાતના માછીમારોની હદ નક્કી કરવા બાબતે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં ન આવતા દક્ષિણ ગુજરાતના માછીમારોએ ઉમરગામ ખાતે એકત્રિત થઈ માછીમારી બંધ રાખી એક દિવસનો વિરોધ નોંધાવ્યો હતો. રાજ્ય સરકાર કે મત્સ્ય ઉદ્યોગ વિભાગ દ્વારા જો યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં માછીમારો વિરોધ પ્રદર્શનને વધુ તેજ કરશે. ઉલ્લેખનીય છે કે, જાફરાબાદના દરિયા કિનારે વસતા માછીમારો પોતાની મોટી બોટ લઈને વલસાડ જિલ્લા સહિત દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં માછીમારના હદ વિસ્તારમાં આવે છે અને માછીમારી કરી જાય છે. છેલ્લા ઘણા સમયથી બંને વિસ્તારના માછીમારો વચ્ચે મધદરિયે ઘર્ષણના દૃશ્યો સર્જાતાં રહે છે. જેનાથી કંટાળીને દક્ષિણ ગુજરાતના માછીમારોએ માછીમાર સંઘમાં ફરિયાદ કરી હતી. માછીમાર સંઘ દ્વારા જાફરાબાદના માછીમાર સંઘ સાથે ચર્ચા કરી દક્ષિણ ગુજરાત અને જાફરાબાદના માછીમારો માટે હદ નક્કી કરવા પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જાફરાબાદના માછીમાર સંઘ દ્વારા કોઈ નક્કર જવાબ ન આપતા દક્ષિણ ગુજરાતના માછીમારો અને માછીમાર સંઘ દ્વારા દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાના કલેક્ટર સહિત ગાંધીનગર સુધી રજૂઆત કરવામાં આવી હતી.

# ગુજરાતમાં રવિ સિઝનના ડિજિટલ ક્રોપ સર્વેનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૦

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫થી દેશના તમામ રાજ્યોમાં ડિજિટલ ક્રોપ સર્વેની નવતર પહેલ શરૂ કરવામાં આવી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં ખરીફ ૨૦૨૪-૨૫ સીઝનનો ડિજિટલ ક્રોપ સર્વે ગત તા. ૨૫ ઓક્ટોબરે પૂર્ણ કરવામાં આવ્યો હતો. હવે રવિ સીઝન શરૂ થતા રાજ્યના ૩૩ જિલ્લાના તમામ ખેતર માટે રવિ ૨૦૨૪-૨૫ ડિજિટલ ક્રોપ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવશે.૧૫મી ડિસેમ્બરથી રાજ્યભરમાં ૪૫ દિવસ સુધી જે-તે ગ્રામ્ય લેવલે પસંદ કરેલ સર્વેયર દ્વારા ડિજિટલ ક્રોપ સર્વે કરવામાં આવશે. જે અંતર્ગત રાજ્યના ૩૩ જિલ્લાના ૧૮,૪૬૪ ગામોમાં તમામ ખેતીલાયક વિસ્તારના આશરે એક કરોડથી વધારે સર્વે પ્લોટને આવરી લેવાશે. આ ડિજિટલ ક્રોપ સર્વેના લીધે જે અગાઉ મહેસૂલ વિભાગ દ્વારા પાણીપત્રક નમૂના નં. ૧૨ની નોંધણી કરવામાં આવતી હતી, જે પૂરે પૂરી થતી નહોતી, જે ડિજિટલ ક્રોપ સર્વે થકી જે-તે સર્વે નંબર ડિજિટલાઈઝ ક્રોપ સર્વે થતાં ૧૦૦% પાણીપત્રક નમૂના નં. ૧૨ માં નોંધણી થશે. જેથી નમૂના નં. ૧૨ માં પાકની નોંધણી સદર બાબતે ખેડૂતોને વધુ સુગમતા રહેશે.


# આકાશમાં રહસ્યમય ડ્રોન જોવા મળતા અમેરિકનોમાં ભય : લોકો અનેક નવી થિયરી વિશે વિચારી રહ્યા છે

**ન્યૂ જર્સી અને અન્ય ઇસ્ટ કોસ્ટ રાજ્યોમાં રહસ્યમય ડ્રોન આકાશમાં દેખાતા અમેરિકનોમાં ચિંતા વ્યાપી છે, અમેરિકી સરકારી એજન્સીઓ જણાવે છે કે, તેમને કોઈ ખતરો નથી પણ નવા સિદ્ધાંતો સૂચવે છે કે, આ ડ્રોન ગેસ લીક અથવા કિરણોત્સર્ગી સામગ્રી જેવા ચોક્કસ પદાર્થોની શોધ કરતા હોય શકે છે પણ અહીંના લોકો અસ્વસ્થ છે**

(એજન્સી) તા.૨૦

તાજેતરના અઠવાડિયામાં ન્યુ જર્સી અને પૂર્વ કિનારાના અન્ય ભાગો ઉપર આકાશમાં ડ્રોનની શ્રેણી જોવા મળી હતી અને તેના લીધે લોકોમાં ચિંતા અને મૂંઝવણ છે. આ ડ્રોનનું સંચાલન કોણ કરે છે અને તેમના હેતુ વિશેના પ્રશ્નો સામે આવી રહ્યા છે અને ઘણા અમેરિકનો અસ્વસ્થ છે. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (એફએએ) અનુસાર ન્યુ જર્સીમાં ૧૮ નવેમ્બરના રોજ રહસ્યમય ડ્રોન જોવા મળ્યા અને ત્યારથી દરરોજ રાત્રે તે દેખાય છે. ન્યુ જર્સી, ન્યૂયોર્ક, કનેક્ટિકટ, પેન્સિલવેનિયા, મેસેચ્યુસેટ્સ અને વર્જિનિયામાં રહેણાંક વિસ્તારો, પ્રતિબંધિત વિસ્તારો અને નિર્ણાયક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપર ડ્રોન ઉડતા જોવા મળ્યા છે. એફબીઆઈ અને ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (ડીએચએસ) સહિત ફેડરલ સત્તાવાળાઓ એવું માને છે કે, આ સમયે એવા કોઈ પુરાવા નથી કે આ ડ્રોન રાષ્ટ્રીય સુરક્ષા અથવા જાહેર સલામતી માટે ખતરો છે. વ્હાઈટ હાઉસ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલે પણ જણાવ્યું કે, આ ડ્રોન જાહેર સલામતી માટે જોખમ નથી. કેન્સાસમાં રિમોટ એરક્રાફ્ટ સિસ્ટમ્સ કંપનીના સીઈઓ જહોન ફર્ગ્યુસને સૂચવ્યું કે આ ડ્રોન જમીન ઉપરના ચોક્કસ પદાર્થો જેમ કે ગેસ લીક અથવા કિરણોત્સર્ગી સામગ્રી માટે રાત્રિના સમયે શોધ કરી શકે છે. ન્યૂયોર્ક પોસ્ટના જણાવ્યા અનુસાર જો તમે કોઈ વસ્તુ શોધી રહ્યા હોવ તો માનવરહિત વિમાન ઉડાડવામાં આવે છે. ધ જો રોગન એક્સપિરિયન્સ પોડકાસ્ટના લોકપ્રિય હોસ્ટ જો રોગન, એલિયન્સ અને અન્ય સંબંધિત વિષયો જેવા વિષયો ઉપર ચર્ચા કરે છે, તેમણે ડ્રોન ઉપર તેમની વાસ્તવિક ચિંતા વ્યક્ત કરી અને ફેડરલ સરકારની ખાતરીઓ ઉપર સવાલ ઊઠાવ્યા હતા અને કહ્યું કે, આ ડ્રોન વિશેનો આ પહેલો વીડિયો છે જેણે મને ખરેખર ચિંતિત કરી દીધો છે. ન્યુ જર્સીના ગવર્નર ફિલ મર્ફીએ રાષ્ટ્રપતિ જો બાઈડેનને પત્ર લખીને આ પરિસ્થિતિ અંગે સ્પષ્ટતાની માંગ કરી છે. ડોનાલ્ડ ટ્રમ્પ યુનાઈટેડ સ્ટેટ્સના ૪૭મા રાષ્ટ્રપતિ તરીકે શપથ લેશે તે પહેલાં બાઈડેનની મુદતમાં માત્ર અઠવાડિયા બાકી છે, ત્યારે આ રહસ્ય ઘટનાઓ ચિંતા ઊભી કરે છે. ટ્રમ્પે આરોપ લગાવ્યો હતો કે, યુએસ સરકાર ન્યુ જર્સી અને ઈસ્ટ કોસ્ટ પર ઉડતા ડ્રોન વિશે વાકેફ હતી પરંતુ તેના વિશેની માહિતી રોકી છૂપાવી રહી છે. જો સરકારને ખરેખર ખબર નથી કે આ ડ્રોન શું છે, તો તેને તોડી પાડવું જોઈતું હતું. FBI yTMu DHSએ આવા ડ્રોન વિશે વીડિયો, ફોટા અને અન્ય કોઈપણ સંબંધિત માહિતી શેર કરીને લોકોને મદદ કરવા વિનંતી કરી છે. હોમલેન્ડ સિક્યોરિટી સેક્રેટરી એલેજાન્ડ્રો મેયોર્કસે અમેરિકનોને આશ્વાસન આપવાનો પ્રયાસ કર્યો હતો અને કહ્યું હતું કે, હું અમેરિકન જનતાને ખાતરી આપવા માંગુ છું કે, અમે તેમની સાથે છીએ. જો કે, આ ડ્રોનથી અમેરિકનો ડરી ગયા હોય એવું લાગે છે અને ઘણાને આશ્ચર્ય થાય છે કે, શું તે અદ્યતન સર્વેલન્સ ટેક્નોલોજી, ઔદ્યોગિક પ્રવૃત્તિ અથવા કોઈ રહસ્યમય ઘટના છે.

# કચ્છના નાના રણમાં વિદેશી નયનરમ્ય પક્ષીઓનું આગમન : પર્યટકો ખુશખુશાલ



સુરેન્દ્રનગર, તા.૨૦

કચ્છના નાના રણમાં ઠંડીનો ચમકારો ધીમે ધીમે વધી રહ્યો છે, ત્યારે રણમાં વિદેશી નયનરમ્ય પક્ષીઓનું આગમન શરૂ થયું છે. ચાલુ વર્ષે અંતમાં શિયાળો બરાબર જામતા રણના વેટ લાઈન અને ટૂંકી તળાવમાં એકસાથે ૩૦,૦૦૦ પક્ષીઓનો અનોખો મેળાવડો જામ્યો છે. માનવીય ખલેલથી ઉપર એવા સુરક્ષિત સ્થળ ગણાતા વેરાન રણમાં દર વર્ષે હજારો કિલોમીટર દૂર સાઈબેરીયાથી સફેદ અને ગુલાબી રંગના લેસર અને ગ્રેટર સહિતના વિદેશી પક્ષીઓ શિયાળામાં આવે છે. રણમાં છેલ્લા એક અઠવાડિયાથી ઠંડીનો ચમકારો શરૂ થતાં રણમાં વિદેશી નયનરમ્ય પક્ષીઓનું આગમન શરૂ થયું છે. રણમાં ફ્લેમીંગો અને પેન્ટાસ્ટ્રોક સહિતના પક્ષીઓ ઝુંડમાં મહાલવા આવી રહ્યા છે. કચ્છના નાના રણમાં ડિસેમ્બરમાં શિયાળો બરાબર જામતા વેટલાઈન અને ટૂંકી તળાવ વિસ્તારમાં એક સાથે ૩૦,૦૦૦થી વધુ વિદેશી પક્ષીઓનો અનોખો મેળાવડો જામ્યો છે. જે સ્થાનિક પ્રવાસીઓ અને વિદેશી પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.હાલ શિયાળાની સિઝન શરૂ થઈ ગઈ છે. ત્યારે ખાસ કરીને ફ્લેમિંગો, સ્પૂન બિલ, કુંજ, ટિલોર, પેરિગ્રીન ફાલકન, રણ ચકલી, નાઈટ જાર, ડેમોલિન જેવા અલગ અલગ જાતના પક્ષીઓએ હાલમાં રણમાં પડાવ નાખ્યો છે. હાલ યુરોપ જેવા દેશોમાં બરફ વધુ હોવાથી આ પક્ષીઓ આ રણ વિસ્તારમાં આવતા હોય છે. જે લગભગ ચાર મહિના જેવું આ વિસ્તારમાં રહેતા હોય છે. જેનું મુખ્ય કારણ તેમને આ જગ્યાએ પૂરતો ખોરાક અને સલામતી અને વાતાવરણ પણ અનુકૂળ હોવાથી અહીં દર વર્ષે આવે છે

# ખેડાની બૈડપ પ્રાથમિક શાળામાં શિક્ષકની ગેરહાજરીનો મામલો ગરમાયો

ખેડા તા.૨૦

ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકાની બૈડપ પ્રાથમિક શાળામાં શિક્ષક દિનેશભાઈની ગેરહાજરીનો મામલો ગરમાયો છે. શાળાના કલાકો દરમિયાન શિક્ષક ગેરહાજર હોવાથી વાલીઓમાં રોષની જ્વાળા ફાટી નીકળી છે. ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકાની બૈડપ પ્રાથમિક શાળામાં ગેરહાજરીનો મામલો, એક વાલીએ શાળાની મુલાકાત લેતાં શિક્ષક દિનેશભાઈને ગેરહાજર જોયા હતા. આ બાબતે તેમણે શાળાના આચાર્યને પૂછતાં આચાર્યે શિક્ષક દિનેશભાઈએ પોતાનું વાહન અન્યને આપ્યું હોવાનું જણાવ્યું હતું. જો કે, વાલીએ આ બાબતે વિડિયો બનાવી સોશિયલ મીડિયા પર મૂકતાં મામલો ગરમાયો છે. વાલીએ શાળાના આચાર્યના આ લુલા બચાવનો વિડીયો બનાવી સોશિયલ મીડિયા ઉપર શેર કર્યો હતો. શાળાના આચાર્યએ આ મામલે લેખિત નિવેદન આપીને શિક્ષકનો બચાવ કર્યો છે. તેમણે જણાવ્યું કે શિક્ષક દિનેશભાઈએ પોતાનું વાહન અન્ય વ્યક્તિને આપ્યું હતું અને તેથી જ તેઓ શાળામાં ગેરહાજર હતા. જો કે, વાલીઓ આ બચાવને સ્વીકારવા તૈયાર નથી. આ ઘટના બાદ વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# તાજેતરની અથડામણને લીધે ૧૧ લાખથી વધુ સીરિયન બેઘર : યુએન

(એજન્સી) તા.૨૦

યુએન માનવતાવાદી કાર્યકરોએ જણાવ્યું છે કે, ખોરાક અને ઈંધણની તંગીના અહેવાલો વચ્ચે બે અઠવાડિયા પહેલા તાજેતરની અથડામણ શરૂ થઈ ત્યારથી ૧૧ લાખથી વધુ લોકો સીરિયામાં તેમના ઘર છોડીને ભાગી ગયા છે. યુએન ઓફિસ ફોર ધ કોઓર્ડિનેશન ઓફ હ્યુમેનિટેરિયન અફેર્સ (ઓસીએચએ)એ જણાવ્યું હતું કે, યુએન અને તેના ભાગીદારોએ સુરક્ષા પરિસ્થિતિને અનુરૂપ માનવતાવાદી પ્રવૃત્તિઓ ચાલુ રાખી છે, કેટલાક ભાગીદારો દમાસ્કસ, ટાર્ટસ, લતાકિયા અને રક્કાના શહેરોમાં મર્યાદિત ધોરણે કાર્યરત છે. વિશ્વ સંસ્થા સ્થિતિ ઉપર નજીકથી નજર રાખી રહી છે. સીરિયાના ઉત્તરપશ્ચિમમાં, લોટ અને ઈંધણની અછતને કારણે એલેપ્પો બેકરી બંધ કરવાની ફરજ પડી છે. શાકભાજીનો પુરવઠો મર્યાદિત છે. કેટલાક વિસ્તારોમાં વીજળી ગુલ થયાના અહેવાલ છે. ઝિન્હુઆ ન્યૂઝ એજન્સીએ અહેવાલ આપ્યો છે કે, ઈંધણના ભાવ ઊંચા છે. ઓસીએચએ જણાવ્યું હતું કે, અલેપ્પો ગવર્નરેટમાં તિશરીન ડેમ નજીકના દુશ્મનાવટને કારણે વીજ પુરવઠો ખોરવાય છે, જેનાથી કેટલાક વિસ્તારોમાં ૪૦૦,૦૦૦થી વધુ લોકોને અસર થઈ છે, જેમ કે મેનબીજ અને કોબાની શહેરોમાં પાણીઅને અન્ય મુખ્ય સેવાઓની સુવિધામાં વિક્ષેપ પડ્યો છે. પડકારો હોવા છતાં અને સુરક્ષાના દૃષ્ટિકોણથી યુએન અને ભાગીદારોએ ઉત્તર-પશ્ચિમ સીરિયામાં અથડામણ વધી ત્યારથી ૭,૦૦,૦૦૦થી વધુ લોકોને ખોરાક પૂરો પાડ્યો છે. ઓસીએચએ મુજબ ઉત્તરપૂર્વમાં માનવતાવાદી પહોંચ અને વિતરણ હજુ પણ પડકારજનક છે. રક્કા, તબકા, હસાકેહ અને દેરિકના શહેરોમાં ચેકપોઈન્ટ ચળવળને પ્રતિબંધિત કરી રહ્યા છે, જ્યાં લૂંટ ચાલુ હોવાનું નોંધાયું છે. લગભગ ૨૦૦ સામૂહિક કેન્દ્રોમાં ૪૦,૦૦૦થી વધુ વિસ્થાપિત લોકો રહે છે. માનવતાવાદી સંસ્થાઓ બાળકો અને પુખ્ત વયના લોકોને ખોરાક, સ્વચ્છતા કીટ, રોકડ અને માનસિક સહાયનું વિતરણ કરી રહી છે. યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસે જણાવ્યું હતું કે, તેઓ સીરિયાની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાના તાજેતરના અને વ્યાપક ઉલ્લંઘનોથી ખૂબ ચિંતિત છે અને પક્ષોને દેશભરમાં હિંસા ઘટાડવા વિનંતી કરે છે. યુએન ચીફના પ્રવક્તા સ્ટીફન ડુજારિકે દૈનિક પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, સચિવ-જનરલ ખાસ કરીને સીરિયામાં બહુવિધ સ્થળો પર સેંકડો ઇઝરાયેલી હવાઈ હુમલાઓથી ચિંતિત છે અને સમગ્ર દેશમાં તમામ મોરચે હિંસા ઘટાડવાની તાત્કાલિક જરૂરિયાત ઉપર ભાર મૂકે છે.

# ટ્રમ્પે ઈમિગ્રન્ટ્સ વિરુધ્ધ પગલાં લેવાની જાહેરાત કરતાં ૧૮,૦૦૦ ભારતીયો પ્રથમ દેશનિકાલની સૂચિમાં સામેલ છે

(એજન્સી) તા.૨૦

યુએસ પ્રમુખ તરીકે ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પે ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સત્તા સંભાળ્યા પછી અમેરિકન ઈતિહાસમાં ગેરકાદેસર લોકોને દેશનિકાલ કરવાનું વચન આપ્યું છે. યુએસ ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE)એ આશરે ૧૫ લાખ વ્યક્તિઓની યાદી તૈયાર કરી છે. દેશનિકાલમાં લગભગ ૧૮,૦૦૦ બિન દસ્તાવેજીકૃત ભારતીય નાગરિકો યુએસ સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલી સૂચિમાં છે અને તેઓને ભારત પાછા મોકલવાનું નિકટવર્તી જોખમ છે. નવેમ્બર ૨૦૨૪માં જારી કરાયેલા ICE ડેટા અનુસાર યુનાઈટેડ સ્ટેટ્સમાં બિન-અટકાયત ડોકેટ ઉપરના ૧૫ લાખ વ્યક્તિઓમાં ૧૭,૯૪૦ ભારતીયોનો સમાવેશ થાય છે. યુ.એસ.માં ભારતમાંથી આશરે ૭,૨૫,૦૦૦ ગેરકાયદેસર વસાહતીઓ છે, જે તે મેક્સિકો અને અલ સાલ્વાડોર પછી અનધિકૃત ઈમિગ્રન્ટ્સની ત્રીજા નંબરની સૌથી મોટી વસ્તી છે. ઓક્ટોબરમાં આ ડેટા જાહેર થયા પહેલા અમેરિકાએ દેશમાં ગેરકાયદેસર રીતે રહેતા ભારતીય નાગરિકોને દેશનિકાલ કરવા માટે ચાર્ટર ફ્લાઈટનો ઉપયોગ કર્યો હતો. હોમલેન્ડ સિક્યુરિટી વિભાગના જણાવ્યા અનુસાર ૨૨ ઓક્ટોબરે ભારત મોકલવામાં આવેલી ફ્લાઈટનું આયોજન ભારત સરકારના સહયોગથી કરવામાં આવ્યું હતું. યુ.એસ.માં હજારો બિનદસ્તાવેજીકૃત ભારતીયો તેમની સ્થિતિને કાયદેસર કરવા માટે સંઘર્ષ કરીરહ્યા છે, જેમાં ઘણા વર્ષો ICE તરફથી મંજૂરી માટે રાહ જોઈ રહ્યા છે. નોંધનીય છે કે, છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં સરેરાશ ૯૦,૦૦૦ ભારતીયો ગેરકાયદેસર રીતે યુએસ સરહદો પાર કરવાનો પ્રયાસ કરતા પકડાયા છે. ICE દસ્તાવેજ અનુસાર ૨,૬૧,૬૫૧ બિનદસ્તાવેજીકૃત ઈમિગ્રન્ટ્સ સાથે હોન્ડુરાસ દેશનિકાલની યાદીમાં ટોચ ઉપર છે, ત્યારબાદ ગ્વાટેમાલા, મેક્સિકો અને અલ સાલ્વાડોર છે. યુએસ ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE)એ સત્તાવાળાઓ દ્વારા સંકલનમાં વિલંબને ટાંકીને ભારતને 'અસહકારી' તરીકે વર્ગીકૃત કર્યું છે. દસ્તાવેજમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે, યુએસ સરકાર વિદેશી સરકાર દ્વારા તેમના નાગરિકો હોવાનું માનવામાં આવતા બિન-નાગરિકોની નાગરિકતાની પુષ્ટિ કરવા માટે યોગ્ય પગલાંની અપેક્ષા રાખે છે. તેમના નાગરિકોને પરત સ્વીકારવામાં દેશો તરફથી સહકારનો અભાવ ICE તે દેશોને બિન-સહકારી અથવા બિન-પાલનનું જોખમ ધરાવતા તરીકે વર્ગીકૃત કરવા તરફ દોરી શકે છે. હાલમાં ICE ૧૫ દેશોને બિનસહકારી માને છે જેમાં ભારત, ભૂટાન, બર્મા, ક્યુબા, ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ ધ કોંગો, એરિટ્રિયા, ઇથોપિયા, હોંગકોંગ, ઈરાન, લાઓસ, પાકિસ્તાન, પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈના, રશિયા, સોમાલિયા અને વેનેઝુએલા સામેલ છે.

# નકલી દસ્તાવેજ મામલે જીલ્લા કલેક્ટર દ્વારા પ્રાંત અધિકારી ને સમગ્ર મામલાની તપાસ સોંપવામાં આવી

રાજકોટ તા.૨૦

રાજકોટ જીલ્લામાં સબરજીસ્ટ્રાર કચેરીમાં ચાલતા બોગસ દસ્તાવેજ કૌભાંડમાં કોમ્પ્યુટર ઓપરેટરના સુપરવાઈઝર સહિત ૩ લોકોની ધરપકડ બાદ પોલીસ હવે એક્શનમાં આવી છે. નકલી દસ્તાવેજ મામલે જીલ્લા કલેક્ટર દ્વારા પ્રાંત અધિકારી ને સમગ્ર મામલાની તપાસ સોંપવામાં આવી છે. ગાંધીનગરથી રેવન્યૂ અધિકારી દ્વારા પણ તપાસનો ધમધમાટ શરૂ કરી દેવાયો છે. રાજકોટમાં સબ રજિસ્ટાર કચેરીમાં ચાલતા બોગસ દસ્તાવેજ કૌભાંડ મામલે ૩ લોકો વિરૂદ્ધ પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. કોમ્પ્યુટર ઓપરેટરનાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવનાર જયદીપ ઝાલા, કિશન ચાવડા અને હર્ષ સોનીનું નામ સામેલ છે. પોલીસ ફરિયાદમાં નોંધવામાં આવ્યું છે કે આરોપીઓએ ખૂબ ચાલાકીપૂર્વક દસ્તાવેજોનો નાશ કર્યો હતો. હાથથી લખાયેલા દસ્તાવેજોને કપટભરી નષ્ટ કરી દેવામાં આવ્યા હતો. વધુમાં આરોપીઓએ કોમ્પ્યુટરમાં નકલી દસ્તાવેજની કોપી સેવ કરી હતી અને નકલી ડોક્યુમેન્ટ બનાવી અસલી દસ્તાવેજનો ઉપયોગ કરતા હતા. ત્યારે આ મામલે પોલીસે તપાસ ઊંડી તપાસ હાથ ધરી છે. તલાટી, રેવન્યૂ મામલતદાર સહિતના સરકારી કર્મચારીઓની જવાબદારી અંગે માહિતી માંગી તપાસ શરૂ કરવામાં આવી છે. જો અધિકારી કે કર્મચારીની ભેદરકારી સામે આવશે તો કાર્યવાહી કરવામાં આવશે. પોલીસ દ્વારા રજીસ્ટ્રાર ઓફિસના કોમ્પ્યુટર કબ્જે કરવામાં આવ્યા છે. જીલ્લા કલેક્ટર દ્વારા પ્રાંત અધિકારીને સમગ્ર મામલાની તપાસ સોંપાઈ છે. ગાંધીનગરથી રેવન્યૂ અધિકારી દ્વારા તપાસ શરૂ કરી છે.

# એગ્રીવર્લ્ડ એક્સ્પો ૨૦૨૪ : રાજકોટમાં આજ તા.૨૦ થી ૨૨ ડિસેમ્બર દરમ્યાન ભારતનું સૌથી મોટું કૃષિ પ્રદર્શન યોજાશે

**૨૦૦૦થી વધુ કંપનીઓ અને સહભાગીઓ કૃષિને લગતી નવીન ટેક્નોલોજી અને સાધનોનું પ્રદર્શન કરશે : ખેડૂતો માટે ગુજરાતનું સૌથી મોટું બીટુબી અને બીટુસી પ્લેટફોર્મ, માહિતીપ્રદ સેમિનાર અને દરરોજ લકી ડ્રોથી ઈનામો જીતવાની તક**

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા.૨૦

ભારતનું સૌથી મોટું બીટુબી અને બીટુસી કૃષિ પ્રદર્શન એગ્રીવર્લ્ડ એક્સપો ૨૦૨૪ રાજકોટમાં આજથી તા.૨૦થી ૨૨ ડિસેમ્બર દરમ્યાન શાસ્ત્રી મેદાનમાં યોજાશે. ખેડૂતોને સશક્ત બનાવીને ગ્રામીણ તેમજ રાષ્ટ્રીય અર્થવ્યવસ્થાને મજબૂત કરવાના ઉદ્દેશથી આયોજિત આ મહત્વપૂર્ણ કાર્યક્રમ કૃષિ ક્ષેત્રે નવીનીકરણ, ટેકનોલોજી, કૃષિ સંલગ્ન જ્ઞાનના આદાનપ્રદાન અને કૃષિ ક્ષેત્રે ઉદ્યોગો સાથે નેટવર્કિંગ માટેનું એક વિશિષ્ટ પ્લેટફોર્મ બની રહેશે. આ કાર્યક્રમમાં ૨૦૦૦થી વધુ પ્રદર્શકો જોડાશે જેમાં જાણીતી કંપનીઓ અને સંસ્થાઓ સામેલ છે. ખેડૂતો અને સહભાગીઓ આધુનિક ટેક્નોલોજી અને કૃષિ ક્ષેત્રે સસ્ટેનેબલ પદ્ધતિ આત્મસાત કરે તે માટે આ એક્સપોનું આયોજન કરવામાં આવ્યું છે.

**એક્સપોમાં નવીનીકરણ અને નેટવર્કિંગનો સમન્વય**

એગ્રીવર્લ્ડ એક્સપો ૨૦૨૪માં કૃષિને લગતી વિવિધ મશીનરી, સાધનો, ઓર્ગેનિક ઉત્પાદો, સિંચાઈ પદ્ધતિઓ, ડેરી ટેક્નોલોજી, પાક સુરક્ષા તકનીકો અને તે સિવાય ઘણી વિશિષ્ટ બાબતોનો રજૂ કરવામાં આવશે. આ માત્ર એક્સપો નથી, પણ એક એવું પ્લેટફોર્મ છે જ્યાં નીતિ, નવીનીકરણ અને વર્તમાન સમયના પડકારો અંગેના સમાધાનો એકસાથે આવશે. કૃષિ ક્ષેત્રે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈના પ્રયાસોથી આજે તે ક્ષેત્રનો વિકાસ એક નવી ઊંચાઈએ પહોંચ્યો છે. આ સંપૂર્ણ એક્સ્પો "આત્મનિર્ભર ભારત" અને "સ્માર્ટ ગ્રામિણ વિકાસ" ના પ્રણેતાના સ્વપ્રને સાકાર કરવાનું એક મજબૂત પ્લેટફોર્મ સાબિત થશે. જ્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જે વિચાર ધારા આપી છે, તે સહકાર અને નવીનતાના માર્ગે આગળ વધવાનું મક્કમ પાયો છે.

**કાર્યક્રમની વિશેષતા**

● પ્રદર્શકોઃ ૨ હજારથી વધુ જાણીતી કંપનીઓના ઉત્પાદો રજૂ કરવામાં આવશે જેમાં ખેતીને લગતા સાધનો, બાયો ફર્ટિલાઈઝર્સ, આધુનિક સિંચાઈ તકનીકો, ફુડ પ્રોસેસિંગ સાધનો અને પુનઃપ્રાપ્ય ઊર્જાના સાધનોનો સમાવેશ છે.

● સરકારની સહભાગિતાઃ ગુજરાત અને કેન્દ્ર સરકારના વિભાગો તેમની કૃષિ ક્ષેત્રે પરિવર્તલ લાવનારી નીતિઓ અને નવી પહેલો વિશે જણાવશે.

● ઈન્ટરેક્ટિવ સત્રોઃ આ કાર્યક્રમમાં સેમિનાર, લાઈવ નિદર્શનો અને તજજ્ઞોની પેનલ દ્વારા ચર્ચાઓ યોજાશે. તેઓ વર્તમાન સમયની ઉભરતી ટેક્નોલોજી, સસ્ટેનેબલ પદ્ધતિઓ અને ખેડૂતો માટે નાણાકીય સહાયતા વિશે મુલાકાતીઓને માહિતગાર કરાશે.

● સરપંચ કોન્કલેવઃ એગ્રીવર્લ્ડ એક્સપો ૨૦૨૪માં એક "સરપંચ કોન્કલેવ" યોજાશે, જેમાં સૌરાષ્ટ્રના ૪૦૦ સરપંચો સહભાગી થશે. આ સત્રમાં કૃષિ, ગ્રામીણ વિકાસ અને આર્થિક સશક્તિકરણના મુદ્દાઓ ઉપર વિચારવિમર્શ કરવામાં આવશે.

## સરપંચ કોન્કલેવમાં સૌરાષ્ટ્રના ૪૦૦ સરપંચોને સેમિનાર સત્રમાં બોલાવવામાં આવશે : એક્સપોની થીમ, "ખેતી દેશની તાકાત", ખેડૂતોને સશક્ત બનાવી ગ્રામીણ અર્થવ્યવસ્થાને સક્ષમ બનાવવાની પહેલ

**કૃષિ ક્ષેત્રે રાજકોટ મહત્વપૂર્ણ**

સૌરાષ્ટ્રમાં રાજકોટ ખાતે આ કાર્યક્રમનું આયોજન વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ છે કારણ કે રાજકોટ એ કૃષિ અને ઉદ્યોગ ક્ષેત્રે એક પ્રમુખ કેન્દ્ર છે. ગુજરાતની ૫૦ ટકાથી વધુ કૃષિ જમીન આ વિસ્તાર સાથે સંકળાયેલી છે અને ઉત્તમ કનેક્ટિવિટી હોવાથી અહીં સરળતાથી પહોંચી શકાય છે. આ વિસ્તારમાં મજબૂત સહકારી અભિયાનથી ખેડૂતો સશક્ત બન્યા છે અને અહીંની ઉદ્યોગસાહસિક સંસ્કૃતિના લીધે વિવિધ કૃષિ સ્ટાર્ટઅપ્સ આગળ આવ્યા છે જે રોજગાર તથા સર્જનને પ્રોત્સાહન આપે છે.

**ખેડૂતોનું સશક્તિકરણ અને ગ્રામ્ય અર્થવ્યવસ્થાને વેગ**

આ એક્સપોની થીમ, "ખેતી દેશની તાકાત" છે જેનો ઉદ્દેશ ગ્રામીણ અર્થવ્યવસ્થાને વેગ આપીને ખેડૂતોને આધુનિક સાધનો અને નવીન માહિતી પ્રદાન કરવાનો છે. પ્રદર્શનો, તાલીમ સત્રો અને નેટવર્કિંગની તકો દ્વારા આ એક્સપો ખેડૂતો, વ્યવસાયો અને નીતિ નિર્માતાઓ સાથે એક સહભાગિતા સ્થાપિત કરવા માંગે છે. જેથી વિકસિત ભારતમાં ખેતી એ દેશની તાકાત તરીકે ઉભરી આવે.

**એક્સપોમાં સામેલ થતા સહભાગીઓને ફાયદા**

● આધુનિક કૃષિ ટેક્નોલોજી અને પ્રવર્તમાન કૃષિ પદ્ધતિઓ વિશે ઊંડી સમજ

● ઉદ્યોગ જગતના અગ્રણીઓ, સરકારી અધિકારીઓ અને સંશોધકો સાથે નેટવર્કિંગ

● સસ્ટેનેબલ કૃષિ પદ્ધતિઓને એક્સપ્લોર કરવાની અને તેના તેના ફાયદાની જાણકારી

**કાર્યક્રમના આકર્ષણો**

૧. પ્રોડક્ટ ડિસ્પ્લે : નવીન સાધનો, મશીનરી અને ઓર્ગેનિક ફાર્મિંગને લગતા સમાધાનો વિશે મોટા પાયે પ્રદર્શન.

૨. સેમિનાર અને વર્કશોપ્સ : સિંચાઈ, ઓર્ગેનિક ફાર્મીંગ, પાક સુરક્ષા અને સરકારની નીતિઓ અંગેના સત્રો. જે વિષયો પર સેમિનાર આયોજિત થશે, તે આ પ્રમાણે છે : ખેતી ટેક્નોલોજીમાં પ્રવૃત્તિઓ અને નવીનતા, સસ્ટેનેબલ ખેતી અને તેના ફાયદા, પ્લાસ્ટીકલ્ચર, બાગાયત અને સિંચાઈ વ્યવસ્થા, પાક સુરક્ષા અને પોષણ, ડેરી ટેક્નોલોજી અને સહકારમાં ક્રાંતિ, રિન્યુએબલ એનર્જી અને સરકારી નીતિઓ અને પહેલ.

૩. લાઈવ નિદર્શન : આધુનિક ખેતીના સાધનોનું લાઈવ નિદર્શન જેમાં ખેડૂતો ટેકનોલોજીની પ્રેક્ટિકલ અમલવારી જોઈ શકશે.

૪. દરરોજ લકી ડ્રો : ભાગ લેનારા મુલાકાતીઓ માટે દરરોજ લકી ડ્રૉ દ્વારા ઈનામો જીતવાની તક

આ એક્સપોની મુલાકાત શા માટે લેવી જોઈએ ?

ખેડૂતો, ઉદ્યોગ જગતના અગ્રણીઓ અને નીતિનિર્માતાઓ માટે, એગ્રીવર્લ્ડ એક્સપો ૨૦૨૪ નીચેની બાબતો માટે સિંગલ વિન્ડો જેવું પ્લેટફોર્મ બની રહેશે :

● નવીન ટેકનોજી અને પદ્ધતિઓ વિશે માહિતી જે કૃષિ અને ઉત્પાદન ક્ષેત્રે ક્રાંતિ લાવી શકે છે

● સરકારની નીતિઓ, સબસિડી અને સંસાધનો સુધી એક્સેસ

● રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્ટેકહોલ્ડર્સ સાથે લાંબા ગાળાની ભાગીદારી

● કૃષિ, ડેરી, પશુપાલન અને બાગાયત ક્ષેત્રમાં વ્યૂહાત્મક ભાગીદારી

**કાર્યક્રમના આયોજકો અને સંપર્ક માહિતી**

આ એક્સપોનું આયોજન થર્ડ આઈ એન્ડ એડવર્ટાઈઝિંગ દ્વારા સ્પાર્ક એક્ઝીબીશન્સ સાથે સહયોગમાં કરવામાં આવ્યું છે જેઓ એક્ઝીબીશન, કોર્પોરેટ તેમજ સરકારના મોટા કાર્યક્રમો કરવા માટે જાણીતી બ્રાન્ડ્સ છે. તેમની પાસે ઈવેન્ટ્સ અને એક્ઝિબિશનના તમામ વર્ટિકલમાં કામગીરીનો વિસ્તૃત અનુભવ છે. તેઓ સુનિયોજિત ઈવેન્ટ પ્લાનિંગ અને મેનેજમેન્ટ, આઉટડોર એડવર્ટાઈઝિંગ, લૉન્ચ ઈવેન્ટ્સ અને ડિજીટલ માર્કેટિંગ જેવા ક્ષેત્રોમાં લાંબા સમયથી કાર્યરત છે. વધુ વિગત માટે ફોન નં. ૯૧-૯૮૯૮૧૭૬૭૫૯ / ૯૧-૯૯૨૫૨૪૮૮૩૦, ઈમેલઃ sales@agriworldexpo.in અને વેબસાઈટ www.agriworldexpo.inની મુલાકાત લઈ શકાય છે.

# ભાજપ સંગઠન પર્વ ૨૦૨૪ અંતર્ગત માંગરોળ બુથ પ્રમુખોની બેઠક યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ, તા.૨૦

ભાજપ સંગઠન પર્વ ૨૦૨૪ અંતર્ગત જિલ્લા, તાલુકા ભાજપ ચૂંટણી અધિકારી સાથે માંગરોળ મંડળ પ્રમુખ ઉમેદવારો માટે પ્રશાંતભાઈ કોરાટના અધ્યક્ષસ્થાને બૂથ પ્રમુખોની બેઠક રાખવામાં આવેલ પ્રથમ દીપ પ્રાગટ્ય અને વંદેમાતરમ ગીતથી કાર્યક્રમ ની શરૂઆત કરવામા આવેલ ત્યાર બાદ ધારાસભ્ય શ્રી ભગવાનજીભાઈ કરગઠિયા દ્વારા કાર્યક્રમ અનુરૂપ વક્તવ્ય આપવામાં આવ્યું જેમાં જિલ્લા ભાજપ મહામંત્રી હિરેનભાઈ સોલંકી, સાવજ ડેરી ચેરમેન દિનેશભાઈ ખટારીયા, સહ ઈન્ચાર્જ ઘનશ્યામભાઈ કોટડીયા, માંગરોળ તાલુકા ભાજપ મંડલ પ્રભારી ચંદુભાઈ મકવાણા તાલુકા ભાજપ પ્રમુખ મહામંત્રીની ઉપસ્થિતિમાં માં સર્વે ઓએ સેન્સ આપી જેમાં શીર્ષ નેતૃત્વ દ્વારા જેની નિમણુંક આપવામાં આવે તે બધાને સ્વીકાર્ય તેવું સર્વનામુંતે નક્કી કરવામાં આવેલ... તેમજ ચૂંટણી અધિકારી શ્રી પ્રશાંત ભાઈ કોરાટ દ્વારા ભરાયેલા ઉમેદવારો ના નામો ની વિગત આપવામાં આવી તેમજ બૂથમાં કરવાના કાર્યક્રમોની સૂચના આપી .

# PM-KISAN યોજનાના લાભાર્થીઓ માટે એગ્રીસ્ટેક ફાર્મર રજીસ્ટ્રી જરૂરી

જૂનાગઢ તા.૧૯

ભારત સરકારની **Agri Stack-DPI** હેઠળ ફાર્મર રજિસ્ટ્રીની કામગીરી ગ્રામ્ય લેવલે ઝુંબેશ સ્વરૂપે કરવામાં આવી રહી છે. જે અંતગર્ત રાજયના **PM-KISAN** યોજનાના તમામ લાભાર્થીઓએ યોજનાના આગામી ૧૯માં હપ્તાનો લાભ મેળવવા ફાર્મર રજિસ્ટ્રી હેઠળ સત્વરે નોંધણી કરાવવા તેમજ નવા અરજદારોએ પી.એમ. કિસાન પોર્ટલ ઉપર અરજી કરતા પહેલા ફાર્મર આઈ.ડી. મેળવવુ જરૂરી છે. સદર બાબત પી.એમ. કિસાન યોજનાના લાભાર્થીઓ માટે તથા નવા અરજદારો માટે મહત્વની છે. જેથી જૂનાગઢ જિલ્લાના ખેડૂત લાભાર્થીઓના હિતાર્થે વહેલી તકે ફાર્મર રજીસ્ટ્રી કરવા અનુરોધ કરવામાં આવે છે. આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક (તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક (તાલીમ) નો સંપર્ક કરવો. તેમ જિલ્લા ખેતીવાડી અધિકારી જૂનાગઢ દ્વારા યાદીમાં જણાવેલ છે.

# મતદારો મુસદ્દારૂપ મતદારયાદીમાં પોતાના નોંધાયેલા નામની ચકાસણી કરી શકશે

**ફોટાવાળી મુસદ્દારૂપ પ્રાથમિક મતદારયાદી જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની જુદી જુદી કચેરીઓ ખાતે પ્રસિદ્ધ કરાશે : મતદારો દાવા અરજી રજૂ કરી શકશે**

જૂનાગઢ, તા.૨૦

આગામી સમયમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણી યોજાનાર છે. તેના અનુસંધાને રાજય ચુંટણી આયોગ ગાંધીનગરના નિર્દેશ મુજબ મહાનગરપાલિકા, નગરપાલિકા (કેશોદ સિવાય), તાલુકા પંચાયતની પેટા ચુંટણી માટેની મુસદ્દારૂપ ફોટાવાળી મતદારયાદી તૈયાર કરી, તા.૧૯/૧૨/૨૦૨૪ના રોજ પ્રાથમિક પ્રસિદ્ધ કરવાની રહે છે.

આમ, આગામી તા.૧૯-૧૨-૨૦૨૪ના રોજ મહાનગરપાલિકા, નગરપાલિકા, તાલુકા પંચાયતની ફોટાવાળી મુસદ્દારૂપ મતદારયાદી જે-તે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની મુખ્ય કચેરીએ, ઝોનલ/વોર્ડ/ગ્રામ પંચાયત ખાતે તેમજ મતદાર નોંધણી અધિકારી / મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરીએ પ્રાથમિક પ્રસિદ્ધિ કરવામાં આવનાર છે. જે-તે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાનાં મતદારો મતદારયાદીમાં નોંધાયેલ પોતાના નામની ચકાસણી ઉક્ત કચેરીઓ ખાતે ઉપલબ્ધ મુસદ્દારૂપ મતદારયાદીમાંથી કરી શકશે તથા આ મતદારયાદીમાં સંબંધે જો કોઈ દાવા અરજી હોય તો તેવી દાવા અરજી નિયત નમુનામાં નિયત સમય-મર્યાદામાં સબંધિત મતદાર નોંધણી અધિકારી , નિર્દિષ્ટ અધિકારી સમક્ષ રજુ કરી શકશે. જેની સંબંધિત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાનાં તમામ મતદારોને જાણ કરવામાં આવે છે. તેમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# વિસાવદર કોર્ટે પી. જી.વી.સી.એલ.ની લેણી રકમની દરખાસ્તમાં મિલકત જપ્તી કરવા કલેકટરને આદેશ



(વિનુ પુરોહીત દ્વારા)

વિસાવદર, તા.૨૦

વિસાવદર સિવિલ કોર્ટમાં ચાલતી પશ્ચિમ ગુજરાત વીજ કંપનીની દરખારત ગુજરનાર બાધાભાઈ વિરાભાઈ વાળાના વારસો (૧) જનુબેન બાધાભાઈ વાળા વાઈફ ઓફ સુરેશભાઈ કનુભાઈ વાંક રે.ખારચિયા (૨) હિરકુબેન બાધાભાઈ વાળા તે મગળુભાઈ જીજુભાઈ જેબલિયાના પત્ની રહે. વડાળા શૈત્રુંજ તથા (૩) ફઈબાબેન બાધાભાઈ વાળા તે બાપલુભાઈ બીચ્છુભાઈ જેબલિયાના પત્ની રહે. વડાળા શૈત્રુંજ તથા (૪) જયરાજભાઈ હરસુરભાઈ વાળા તથા (૫) ખોડુભાઈ હરસુરભાઈ વાળા રહે.બન્ને ઈશ્વરીયા ગીર વાળા સામે ચાલતી હોય તે દરખાસ્તમાં પ્રતિવાદી ગુજરનાર બાધાભાઈ વિરાભાઈ વાળાના વારસો દ્વારા પશ્ચિમ ગુજરાત વીજ કંપનીની દરખારતમાં કોર્ટનો હુકમ હોવાછતાં રકમ જમા નહિ કરાવતા પશ્ચિમ ગુજરાત વીજ કંપની વિસાવદર સબ ડિવિઝન નંબર (૨)ના અધિકારી કમલ અખેણીયા દ્વારા તેમની એટલે કે પ્રતિવાદી ની ખેતીની જમીનના રેવન્યુ રેકર્ડની નકલો રજુ કરી આ મિલકત ઉપરથી રકમ વસુલ અપાવવા વિસાવદર કોર્ટમાં રે.દિ.દરખાસ્ત નંબર ૨૯/૨૩થી પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના એડવોકેટ નયનભાઈ જોશી મારફતે અરજી કરી રજુઆત કરતા અને ખેતીની જમીનના રેવન્યુ રેકર્ડની નકલો કોર્ટમાં રજૂ કરતા કોર્ટ પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના એડવોકેટ નયનભાઈ જોશીની દલીલો દયાને લઈ પ્રતિવાદીની વિસાવદર તાલુકામાં આવેલ ખેતીની જમીનની જપ્તી કરી રકમ વસુલ કરવા જિલ્લા કલેકટરને આદેશ કરતા ખળભળાટ મચી ગયેલ છે અને ૩૦દિવસમાં રકમ વસુલ નહિ આપે તો કલેકટર દ્વારા ખેતીની જમીનની જપ્તી કરી રકમ વસુલ કરવા જુનાગઢ કલેકટર ને આદેશ કરેલો છે અન પ્રતિવાદીઓની સ્થાવર જંગમ મિલ્કતોની જપ્તી કરી ૩૦ દિવસમાં હુકમનામા મુજબની લેણી રકમ વસુલ લેવા કલેકટર-જુનાગઢ ને આદેશ કરતા પી.જી.વી.સી.એલ.કંપનીની રકમ નહિ ભરતા લોકોમાં ફફડાટ મચી ગયેલ છે.

# પ્રાંચી તીર્થ ખાતે ગાયત્રી પરિવારના ઉકાભાઈ ચુડાસમાની ૯મી પુણ્યતિથિ નિમિત્તે મેગા નેત્ર નિદાન-હાર્ડવૈદ તથા જનરલ ચેકઅપ કેમ્પ યોજાયો

**કુલ ૨૯૦ આંખના દર્દીઓ તથા હાર્ડ વૈદ જનરલ ચેકઅપમાં ૧૬૦દર્દીઓ લાભ લીધો અને ૮૫ દર્દીઓને મોતીયાના ઓપરેશન માટે લઈ જવામાં આવ્યા : ગીર સોમનાથના કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાની પ્રેરક ઉપસ્થિતિથી કાર્યકર્તાઓ ઉત્સાહિત બન્યા હતા**



(પ્રતિનિધિ દ્વારા)

પ્રાંચી, તા.૨૦

સુત્રાપાડા તાલુકાના પ્રાંચી તીર્થ ખાતે ગાયત્રી પરિવારના વરિષ્ઠ પરિજન ઉકાભાઈ કરશનભાઈ ચુડાસમાની નવમી પુણ્યતિથિ નિમિત્તે તથા સ્વ. રંભુબેન તથા લાડુબેન ચુડાસમાના સ્મરણાર્થે સદગુરૂ સુપર મેગા નેત્ર નિદાન કેમ્પ તથા હાર્ડવૈદ નિદાન કેમ્પ શ્રી કોળી સમાજ ભવન પ્રાચી ખાતે યોજાયો હતો. આ કેમ્પમાં કુલ ૨૯૦ દર્દીઓએ લાભ લીધો હતો, આ કેમ્પના દાતા શ્રી ગાયત્રી પરિવારના વરિષ્ઠ કાર્યકર્તા સ્વ. ઉકાભાઈ ચુડાસમા તથા સ્વ. રંભુબેન ચુડાસમાના પુણ્યાર્થ તેમના પરિવારના પત્રકાર જાદવભાઈ ચુડાસમા તથા તેમના પરિજનો તથા શ્રી રણછોડદાસબાપુ આંખની હોસ્પિટલ રાજકોટના ડો.મહેશભાઈ, પાધેશ્વરી આશ્રમના ઉપવાસી મહંત કરસનદાસબાપુ, ડો.રોહિતભાઈ પટેલ (સાવલિયા) પ્રાચી ડો.ભગીરથ સિંહ રાઠોડ ઘંટીયા ફાટક, ડો.પાલાભાઈ વડનગર, પત્રકાર અરવિંદભાઈ સોઢા પ્રાંચી તથા પીઠાભાઈ ગરેજા પ્રાચી તથા કોળી સમાજ ભવન પ્રાચીના પ્રમુખ મેરામણભાઈ વાજા તથા દેવશીભાઈ સોલંકી સુત્રાપાડા તથા દેવાયતભાઈ રામપરા તથા ધર્મેશભાઈ પરમાર અગ્રણી ઘંટીયા પુંજાભાઈ ચુડાસમા પ્રશ્નાવડા સહિત અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર ના પરિવારજનોના હસ્તે દિપ પ્રાગટય કરી તથા ગાયત્રી પરિવારના કાર્યકર્તા પત્રકાર જાદવભાઈ ચુડાસમાએ કેમ્પને ઉદ્‌બોધન કરીને આ કેમ્પને ખુલ્લો મુકવામાં આવેલ હતો. વિશ્વના કલ્યાણ તથા સૌનો સદબુદ્ધિ તથા ઉજજવળ ભવિષ્ય તથા ઉકાભાઈ ચુડાસમા તથા રંભુબેન ચુડાસમા તથા લાડુબેન ચુડાસમા આત્મ કલ્યાણ અર્થે ગાયત્રી મહામંત્ર સામુહિક જાપ કરી બે મિનિટનું મૌન રાખી શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી તથા ગાયત્રી પરિવારના સંસ્થાપક વેદમુર્તિ તપોનિષ્ઠ પંડિત શ્રી રામ શર્મા આચાર્યજીના જીવન સંદેશ આવેલ લોકોને હદયગમ કરવા આહવાન કરેલ અને મહાનુભાવો દ્વારા આ કેમ્પના તથા ગાયત્રી પરિવારના કાર્યકર્તા સ્વ. ઉકાભાઈ ચુડાસમા ના જીવન જરમર નું ચિંતન ડો.પાલાભાઈ દ્વારા વાગોળવામાં આવેલ હતું. આ કેમ્પમાં સહયોગ આપતા દાતાઓનું સન્માન કરવામાં આવ્યું. આ તકે કેમ્પના અંતમાં ગીર સોમનાથના કલેકટર દિગ્વિજયસિંહ જાડેજા હાજરી આપી ત્યારે ગાયત્રી પરિવારના પત્રકાર જાદવભાઈ ચુડાસમા તથા ટીમે ફુલહાર તેમજ ગાયત્રી મહામંત્ર દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવેલ હતું ત્યારે કલેકટરની પ્રેરક હાજરીથીકાર્યકર્તાઓમાં ઉત્સાહ વધાર્યો હતો કેમ્પમાં કુલ ૨૯૦ દર્દીઓએ લાભ લીધો જેમાં ૮૫ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે રણછોડદાસ બાપુ આંખની હોસ્પિટલ રાજકોટ ખાતે લઈ ગયેલ હતા અને ડો.ભગીરથ સિંહ રાઠોડ ઘંટીયા તથા હમીરભાઈ હાર્ડવૈદ કેમ્પના ૧૬૦થી વધુ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. દાતા તરફથી સૌના માટે ચા - પાણી તથા સાદા સુંદર ભોજન પ્રસાદની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ હતી. વિશેષ ઉકાબાપા ની પુણ્યતિથિ નિમિત્તે લાલા ભગવાનને પધરાવીને સત્સંગ મંડળની બહેનો દ્વારા સત્સંગ દ્વારા વાતાવરણ ભાવમય બનાવ્યું હતું આ કેમ્પને સફળ બનાવવા માટે કાનાભાઈ સોલંકી (બોસન), વજુભાઈ ગોહીલ (છગીયા), નાથાભાઈ સોલંકી (થરેલી), રોહિતભાઈ અમરાપુર, પાર્થભાઈ મોકરીયા પ્રાચી નરસિંહભાઈ વાઢેર છગિયા વાલાભાઈ કંટાળા, રાહુલભાઈ બોશન પપ્પુભાઈ બોસન, દિવાળીબેન પ્રાચી તથા પુરીબેન બોશન, ભેનીબેન તથા હરેશ કુમાર ઘુસિયા દેવીબેન ભાલકા, કંચનબેન તથા ભગીરથ કુમાર પંડવા, રશ્મિબેન તથા જયસિંગ કુમાર ખંઢેરી સત્યમભાઈ ચુડાસમા પ્રાંચી, શૈલેષભાઈ વાળા પત્રકાર પ્રાચી તીર્થ તથા ઉકાભાઈ ચુડાસમા નો પરિવાર પ્રશ્નાવડા તથા પ્રાચી તથા સેવાભાવી ભાઈ બહેનો દ્વારા ખુબ જ જહેમત ઉઠાવીને આ કેમ્પને સફળ બનાવ્યો હતો.

# આજે ૨૦ ડિસેમ્બર આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ

૨૦ ડિસેમ્બરના રોજ મનાવવામાં આવતો આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ **(IHSD)** એ સંયુક્ત રાષ્ટ્ર અને તેના સભ્ય દેશોનો આંતરરાષ્ટ્રીય વાર્ષિક એકતા દિવસ છે. તેનું મુખ્ય ધ્યેય સભ્ય રાષ્ટ્રોને ગરીબી ઘટાડવાના વૈશ્વિક ઉદ્દેશ્યો અને પહેલોથી વાકેફ કરીને અને વિશ્વભરના સ્વતંત્ર રાષ્ટ્રોની ગરીબી ઘટાડવાની વ્યૂહરચના ઘડવા અને વહેંચીને એકતાના સાર્વત્રિક મૂલ્યને ઓળખવાનો છે. **IHSD** ને વર્લ્ડ સોલિડેરિટી ફંડ અને યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ દ્વારા પ્રમોટ કરવામાં આવે છે, જે વિશ્વવ્યાપી ગરીબી નાબૂદી માટે નિર્ધારિત લક્ષ્યોને હાંસલ કરવા પર કેન્દ્રિત છે. એક વ્યક્તિ ભાગ લઈ શકે છે અથવા દિવસની ઉજવણી કરી શકે છે, ક્યાં તો શિક્ષણમાં યોગદાન આપીને અથવા ગરીબ અથવા શારીરિક અથવા માનસિક રીતે અક્ષમ લોકોને મદદ કરીને. તેના બદલે સરકારોને ટકાઉ વિકાસ લક્ષ્યો દ્વારા ગરીબી અને અન્ય સામાજિક અવરોધોનો જવાબ આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. એકતા એ સહિયારી રુચિઓ અને ઉદ્દેશ્યોની જાગૃતિ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે જે એકતાની માનસિક ભાવના બનાવે છે. એકતા એ સમાજમાંના સંબંધોનો પણ ઉલ્લેખ કરે છે જે લોકોને એક સાથે જોડે છે.ગરીબી નાબૂદી સહિત ટકાઉ વિકાસ લક્ષ્યોની સિદ્ધિ માટે એકતાને પ્રોત્સાહન આપવાના માર્ગો પર ચર્ચાને પ્રોત્સાહિત કરવાનો દિવસ; ગરીબી નાબૂદી માટે નવી પહેલોને પ્રોત્સાહિત કરવા માટેનો એક દિવસ.એકતા સમુદાયોને મજબૂત બનાવે છે કારણ કે તે રહેવાસીઓને એકબીજાની નજીક લાવે છે, સંઘર્ષ ઘટાડે છે અને તેમને તેમનો સમય વહેંચવા અને જરૂર પડ્યે એકબીજાને મદદ કરવા પ્રોત્સાહિત કરે છે, જેથી દરેકને એક જ સમુદાયનો ભાગ હોવાનો લાભ મળે, પછી ભલે તે મોટો હોય કે નાનો. અનેક પહેલ- સ્થળાંતર કામદારોને ખોરાક વિતરણથી લઈને આરોગ્યસંભાળ કામદારો માટે રક્ષણાત્મક ગિયર ખરીદવા સુધી - સમાજમાં એકતાની ભાવના લાવી.ત્રણ લક્ષણો આ મિકેનિઝમની લાક્ષણિકતા છે. પ્રથમ, એકતા સમુદાય અને વ્યક્તિ વચ્ચે મધ્યસ્થી કરે છે. બીજું, એકતાના પરિણામે, એકતા બનાવવામાં આવે છે. ત્રીજું, એકતા તેની સાથે સકારાત્મક જવાબદારીઓ વહન કરે છે, જેમાં વ્યક્તિઓએ જૂથના સમર્થનમાં અને અનુરૂપતામાં કાર્ય કરવું જરૂરી છે.

- ડો.જી.આર.ગોહિલ

# આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડે સેલ્સ ટીમને ઉત્સાહિત કરવા એઆઈ જનરેટેડ થીમ સોંગ 'જીત કા વિશ્વાસ' લોન્ચ કર્યું

## ઉદ્યોગમાં વધુ એક સૌપ્રથમ માર્કેટિંગ ઇનોવેશન સમાન આ એઆઈ ગીતને અભૂતપૂર્વ સફળતા મળી છે

(પ્રતિનિધિ દ્વારા)

મુંબઈ તા.૨૦

સવારે કે સાંજે હરતા-ફરતા રેડિયો સાંભળતા કે પછી સોશિયલ મીડિયા પર સ્ક્રોલ કરતી વખતે તમે કદાચ આ ગીત સાંભળ્યું હશે. 'જીત કા વિશ્વાસ' (જેકેવી) ગીત રીલ્સથી લઈને રેડિયો સુધી ગૂંજી રહ્યું છે અને દેશભરના શ્રોતાઓની કલ્પનાઓ આત્મસાત કરી રહ્યું છે. સેલ્સ પ્રોફેશનલ્સ માટે તે માનીતું ગીત અને તેમની અદમ્ય ભાવનાની ઊજવણી બની રહ્યું છે. આના રહસ્ય પરથી પડદો ઉચકાયો છે. રેડિયો પર તમે જે ગીત સાંભળી રહ્યા છો અને ઈન્સ્ટાગ્રામ પર ટ્રેન્ડિંગ થવાના લીધે અનેક રીલ્સ તથા મિમ્સ પર ગાજી રહેલું 'જીત કા વિશ્વાસ' ગીત એ કોઈ મૂવીનું કે કોઈ પ્લેબેક આર્ટિસ્ટે ગાયેલું ગીત નથી પરંતુ આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડે બનાવેલું ગીત છે. જોશથી ભરેલું આ ગીત દરેક ઊભરતા બિઝનેસની કરોડરજ્જુ સમાન સેલ્સ ફોર્સને અર્પણ છે. 'જીત કા વિશ્વાસ' એ જેન એઆઈનો ઉપયોગ કરીને બનાવાયેલું ભારતનું પહેલું ગીત છે જે નવીનતા તથા માર્કેટિંગની ઉત્કૃષ્ટતા માટે આ ઈ સી આ ઈ સી આ ઈ લોમ્બાર્ડની પ્રતિબદ્ધતા દર્શાવે છે. હિંગ્લિશ, મલયાલમ, તેલુગુ અને તમિળ ભાષામાં બનાવાયેલું આ ગીત સમાવેશકતાની ઊજવણી કરે છે અને ભારતના વિવિધતાભર્યા સાંસ્કૃતિક તાણાવાણામાં ગહન રીતે જોડાય છે તે સુનિશ્ચિત કરે છે. તેના શબ્દો વિશ્વાસ જગાવે છે, ટીમવર્કને આગળ કરે છે અને શ્રેષ્ઠતા માટે અદમ્ય ઝંખના વ્યક્ત કરે છે. "ગમે તેવા પડકારો હોય, અમે આંકડા પાર કરીશું અને સીમાઓ ઓળંગીશું" એ સેલ્સ પ્રોફેશનલ્સની અદમ્ય ભાવનાનું શક્તિશાળી સૂત્ર બની ચૂક્યું છે. આ ગીત એક પ્રચંડ શક્તિ દર્શાવે છે જે તેના પોતાના લોકોને સન્માનિત કરવા અને સશક્ત કરવાના આ ઈ સી આ ઈ સી આ ઈ લોમ્બાર્ડના મિશન પર ભાર મૂકે છે તથા વિશ્વાસ તથા નવીનતાના તેના વારસાને વળગી રહે છે.

**એક અલગ જ અભિગમ :** વોટ્સએપ ગ્રુપ્સ અને સોશિયલ મીડિયા પર સેલ્સ ટીમ અને કંપનીના કર્મચારીઓ માટે સૌપ્રથમ રજૂ કરાયેલું આ ગીત દેશભરના પ્રેક્ષકો સાથે જોડાઈને વિવિધ પ્લેટફોર્મ પર પહોંચતા સેલ્સ પ્રોફેશનલ્સ માટે એક સહિયારો અવાજ બની ગયું છે. ઈન્સ્ટાગ્રામ મીમ્સ અને રીલ્સ: તેની વાઈરલતાને વિસ્તૃત કરવા, આ ગીતનો ક્રિએટિવ મીમ માર્કેટિંગ અને રીલ્સ સાથે ઈન્સ્ટાગ્રામ પર ટ્રેન્ડીંગ ઓડિયો તરીકે લાભ લેવામાં આવી રહ્યો છે જે યુઝર્સને ગીત દ્વારા પ્રેરિત તેમનું પોતાનું કન્ટેન્ટ બનાવવા અને શેર કરવા માટે પ્રોત્સાહિત કરે છે.

**રેડિયો કેમ્પેઇન :** અગ્રણી રેડિયો ચેનલો પર વગાડતી આ એન્થમ શ્રોતાઓ સાથે લયબદ્ધ જોડાણને પ્રોત્સાહન આપીને દરેક પ્રદેશમાં માહોલને ઉત્સાહિત કરી રહ્યું છે.

**સોશિયલ મીડિયા ઉપર મળેલી સફળતા :** આ ઈ સી આ ઈ સી આ ઈ લોમ્બાર્ડના અધિકૃત સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર શેર કરાયેલા આ ગીતે પ્રભાવશાળી જોડાણ હાંસલ કર્યું છે. તેણે પ્રોફેશનલ્સ અને ચાહકોમાં વાયરલ હિટ તરીકે તેનું સ્થાન મજબૂત કર્યું છે. આ ગીત કુલ લગભગ ૧૦ મિલિયન જેટલી ઓડિયન્સ સુધી પહોંચી ચૂક્યું છે. આઈસી આઈસીઆઈ લોમ્બાર્ડના માર્કેટિંગ, કોર્પોરેટ કમ્યૂનિકેશન્સ અને સીએસઆર હેડ શીના કપૂરે જણાવ્યું હતું કે કોઈ પણ સેક્ટર કે ઉદ્યોગના તમામ વ્યવસાયોની કરોડરજ્જુ મનાતા સેલ્સ પ્રોફેશનલ્સની અતૂટ ભાવનાની ઉજવણી કરવા માટે આ એન્થમ બનાવવામાં આવી હતી. તેમના અવિરત પ્રયાસો અને સમર્પણ વ્યવસાયિક સફળતાને આગળ વધારવામાં નિમિત્ત બને છે. અમે હંમેશા ઈનોવેટિવ અને ડિસ્રપ્ટિવ માર્કેટિંગ વ્યૂહરચનાઓમાં મોખરે રહીએ છીએ. ઉદ્યોગની પ્રથમ એઆઈ જનરેટેડ કેમ્પેઈન બનાવીને અમે ઉદ્યોગનું સૌપ્રથમ એઆઈ જનરેટેડ ગીત બનાવ્યાનો શ્રેય મેળવ્યો છે. કન્ટેન્ટીના કો-ફાઉન્ડર અર્જુન કુમારે જણાવ્યું હતું કે 'જીત કા વિશ્વાસ' એન્થમ સિરીઝ આ ઈ સી આ ઈ સી આ ઈ લોમ્બાર્ડની સેલ્સ અને માર્કેટિંગ ટીમની સંપૂર્ણ ઊર્જાથી પ્રેરિત હતી અને અમે ટીમને તેમની સંપૂર્ણ ક્ષમતાને અનલોક કરવા માટે પ્રોત્સાહિત કરવા આકર્ષક રેપ સોંગ્સ અને મ્યુઝિક સાથે તેમના આત્મવિશ્વાસથી ભરપૂર અભિગમને રજૂ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ ગીતની સફળતાને માત્ર સંખ્યામાં જ માપી શકાય તેમ નથી પરંતુ તેને આઈસી આઈસીઆઈ લોમ્બાર્ડની સેલ્સ ટીમો અને ચેનલ પાર્ટનર્સ વચ્ચે એકતા અને ગૌરવ વધારવાની તેની ક્ષમતામાં માપવામાં આવે છે. 'જીત કા વિશ્વાસ' સેલ્સ પહેલના ભાગરૂપે, તે પ્રોફેશનલ્સ માટે શ્રેષ્ઠતા માટે પ્રયત્ન કરવા અને તેમની સીમાઓને એકસાથે વટાવી શકે તે માટે એક રેલીંગ પોઈન્ટ બની રહે છે. તેની પાવરફુલ બીટ્સ, ઈનોવેટિવ પ્રોડકશન અને દિલધડક સંદેશ સાથે, તે માત્ર એક મેલોડી કરતાં સવિશેષપણે સંકલ્પ, સ્થિતિસ્થાપકતા અને વિજયનો અવાજ છે. શ્રોતાઓમાં તેની ધૂન ગૂંજી રહી છે ત્યારે આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ એ સાબિત કરવાનું ચાલુ રાખે છે કે વાયદા નિભાવવાની તેની પ્રતિબદ્ધતા તેની પ્રોડક્ટ્સ કરતાં ઘણી આગળ વિસ્તરે છે. તે લોકોને પ્રેરણા આપે છે જેઓ તેને સાકાર કરે છે.

## વિસાવદર નગરપાલિકાના ચીફઓફિસર, વહીવટદાર અને ખોટાબીલ વાઉચર બનાવનાર સામે પોલીસ ફરિયાદ કરવા મંજૂરી મંગાઇ

(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૨૦

વિસાવદરના જાગૃત નાગરિક મુકેશભાઈ રિબડીયા દ્વારા નગરપાલિકા નિયામક, મુખ્યમંત્રી, કલેક્ટર-જૂનાગઢ પ્રાંત અધિકારી- વિસાવદર સચિવ, કાયદા વિભાગ- ગાંધીનગર વિગેરેને ઉદ્દેશીને નગરપાલિકા વિસાવદર દ્વારા સરકારી નાણાંની ઉચાપાત કરી વિસાવદર નગરપાલિકાના ૯ વોર્ડમાં ક્યાંય ભૂગર્ભની કુંડીઓ બનાવ્યા વગર સિદ્ધા બિલ વાઉચર બનાવી સરકારી નાણાં ઉપાડી લીધેલ હોય આ ઉપરાંત જળ સે નળ યોજનાના કામોમાં પણ ભયંકર ભસ્ટાચાર કરવામાં આવેલ હોય અને તેમાં મામલતદાર વિસાવદર વહીવટદાર તરીકે હોય તથા ચીફ ઓફિસર સામેલ હોય તે તમામ જવાબદાર વ્યક્તિઓ સરકારી કર્મચારી હોય કાયદાની જોગવાઈ મુજબ સરકારી અધિકારીઓ સામે પોલીસ ફરિયાદ દાખલ કરવાની આપની જવાબદારી હોય જેથી આવા અધિકારીઓ સામે પોલીસ ફરિયાદ દાખલ કરવા હુકમ ફરમાવવા અરજ કરેલ છે તથા વિકલ્પે ફરિયાદીએ આ બાબતેંની માહિતી આર.ટી.આઈ.થી માગેલ હોય અને ફરિયાદી પાસે પૂરતા પુરાવા હોય ફરિયાદીને પોલીસ ફરિયાદ કરવાની નિયમ મુજબ પરવાનગી આપવા માંગણી કરેલ હોવાનું એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## માંગરોળમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી આયોજીત આંખોની તપાસ સાથે મફત ચશ્માં વિતરણ કેમ્પ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા.૨૦

માંગરોળમાં ગોપાલ કૃષ્ણ ગૌશાળા ખાતે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી જૂનાગઢ જિલ્લા શાખા દ્વારા કેમ્પમાં આવેલ દર્દીઓને મશીન દ્વારા આંખોની તપાસ સાથે નિશુલ્ક ચશ્મા આપવાનું કેમ્પ કરવામાં આવ્યો હતો. આ કેમ્પ યોજાતા મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. આ કેમ્પમાં માંગરોળના ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયા, ભાજપ આગેવાન વેલજીભાઈ મસાણી, શહેર ભાજપ પ્રમુખ લિનેશભાઈ સોમૈયા સહિત આગેવાન અને પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા.

## માંગરોળના શાપુર ગામે ગૌચરની જમીનમાં ઠાલવવામાં આવતા કચરાને લઈ ગ્રામજનોમાં રોષ

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૦

માંગરોળ શહેરના કચરાનો મુદ્દો ફરી ગરમાયો છે. નજીકના શાપુર ગામે ગૌચરની જમીન પર ગેરકાયદેસર અતિક્રમણ કરી ઠાલવવામાં આવી રહેલી ગંદકી મુદ્દે ગ્રામજનોમાં પ્રવર્તી રહેલા ભારે રોષ વચ્ચે તાજેતરમાં કચરો ઠાલવતા ન.પા.ના ટ્રેક્ટરોને રોકી દેવાયા હતા. તંત્રને આજીજી બાદ છેલ્લા બે દિવસથી આ બાબતે પ્રસરી રહેલી ગરમાગરમી વચ્ચે હવે આ વિવાદ પોલીસ સમક્ષ પહોંચ્યો છે. શાપુરના સરપંચે ન.પા.ના ચીફ ઓફિસર, વહિવટદાર સહિતના વિરૂદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવા મરીન પોલીસમાં ફરીયાદ આપતા ભારે ચર્ચા જાગી છે. શહેરભરનો એકત્ર થતો અંદાજે દૈનિક ૧૮ થી ૨૦ ટન કચરો નાંખવા અત્યાર સુધી નીમ થયેલી મોટાભાગની જગ્યાએ તંત્રને વિરોધનો સામનો કરવો પડ્યો છે. ત્યારે શાપુર ગ્રા.પં.ની ગૌચર ખેડખાતા નં.૧૨૬, ગૌચર રે.સ.નં.૧૬૯/૫, હે. ૫-૫૯-૪૮ આરે. વાળી ખુલ્લી જમીનમાં માંગરોળ નગરપાલિકા દ્વારા ગ્રામ પંચાયતની કોઈ પણ પરવાનગી વિના અતિક્રમણ કરી, ટ્રેક્ટરો મારફત પ્લાસ્ટિક, ગટરોનો દુર્ગંધયુકત કચરો, મૃત પશુઓ, પશુઓની કતલ બાદ નીકળતો લાદો, સહિતની ગંદકી લાંબા સમયથી ઠાલવવામાં આવી રહી છે. પરિણામે પ્રદુષિત થતું વાતાવરણ, જાહેર આરોગ્ય તેમજ કુતરા, ભુંડ, શિયાળ તેમજ કાગડા સહિતના માંસભક્ષી પક્ષીઓ ગંદકીમાંથી મરેલા પશુઓ, હાડકાં સહિતના અવશેષો ગામ સુધી તાણી લાવતા હોય આ બાબતે શાપુર ગામના અગ્રણી અને પૂર્વ તા.પં. પ્રમુખ શરદભાઈ મહેતાએ ટીડીઓને રજૂઆતો કરી હતી. જે અંતર્ગત આ જગ્યાનું રોજકામ પણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તાલુકા વિકાસ અધિકારીએ ચિફ ઓફીસરને પત્ર પાઠવી આ જગ્યા પર ઘન, પ્રવાહી



કચરો નાંખવા બંધ કરવા પત્ર પાઠવ્યો હતો. તેમ છતાં અહીં બેરોકટોક કચરો ઠાલવવામાં આવી રહ્યો છે. આ પ્રશ્નનું કોઈ નિરાકરણ ન આવતાં તાજેતરમાં ગ્રામજનોની મિટીંગ પણ મળી હતી. બે દિવસ પહેલા કચરો ઠાલવવા આવતા પાલિકાના ૧૦ થી ૧૨ ટ્રેક્ટરોને પણ અટકાવી દેવાયા હતા. ત્યારબાદ ટીડીઓ સમક્ષ આ અંગે આગેવાનો દ્વારા ઉગ્ર રજૂઆતો પણ કરવામાં આવી હતી. જો કે હજુ પણ આ જ જગ્યાએ કચરો ઠલવાઈ રહ્યો હોય, પેચીદા બનેલા પ્રશ્ને સરપંચ ધીરૂભાઈ પરમારે પાલિકાના જવાબદારો વિરૂદ્ધ જાહેર ત્રાસદાયક કૃત્ય, તંદુરસ્તી માટે હવાને નુકશાનકારક થાય તેવી કરવાનું કૃત્ય, બગાડ, ગુનાહિત અપપ્રવેશ સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવા ફરીયાદ આપતા ચકચાર મચી છે.

## સોમનાથ મંદિર સુરક્ષા પોલીસ કર્મી ઉપર દર્શનાર્થીનો હુમલો

(પ્રતિનિધી દ્વારા)

પ્ર.પાટણ તા.૨૦

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરમાં આરતી સમયે ચાલતા ચાલતા દર્શન કરતા રહેવાનું જણાવતા યાત્રિકે સોમનાથ મંદિર સુરક્ષા પોલીસ લોક રક્ષક ઉપર હુમલો કરતા પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનમાં યાત્રિક સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર તા.૧૮-૧૨-૨૪ના રોજ ફરીયાદી હિતેશભાઈ વશરામભાઈ સોલંકી લોકરક્ષક મંદિરમાં ફરજ બજાવતા હતા અને સવારે ૧૨ વાગ્યાના સુમારે પુનાના સિધ્ધેશ સુભાષ કાકડે આરતી સમયે સભાખંડના અલગ અલગ ભાગોમાં ઉભા રહી દર્શનાર્થીઓને ભીડ કરતો હોય જેને ચાલતા ચાલતા દર્શન કરવા જણાવતા તે ઉશ્કેરાઈ જઈ ફરીયાદી સુરક્ષા લોકરક્ષકે પહેરેલ વર્ધીનો કોલર પકડી લઈને તુ બહાર નીકળ તને હું જોઈ લઈશ તેવી હિન્દી ભાષામાં ધમકી આપી કોલર ખેંચી વર્ધીના શર્ટનું એક બટન તોડી નાખી આરોપીએ એકદમથી ફરીયાદીના નાકના ભાગે મુકકો મારી તથા એક મુકકો ડાબી આંખની ઉપર મારી લોહી કાઢી ઈજાઓ કરી, ઝાપટો મારી જેમ ફાવે તેમ બોલી ફરીયાદીની કાયદેસરની ફરજમાં રૂકાવટ કર્યાની ફરીયાદ નોંધાતા પોલીસે આરોપી સિધ્ધેશ સુભાષ કાકડે સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## સુખપુર ગામે વેરહાઉસમાં નોકરી કરતો સુપરવાઈઝર રૂા.૪ લાખનો ચણાનો જથ્થો ચોરી ગયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦

સુખપુર ગામે આવેલ વેરહાઉસમાં નોકરી કરતા સુપરવાઈઝર રૂા.૪.૦૨ લાખના ચણાનો જથ્થો ચોરી કરી ગયાની ફરીયાદ જૂનાગઢ તાલુકા પોલીસ મથકે નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા થાણે કાળાજી છગનજીભાઈએ પ્રશાંત હરસુખભાઈ ઘમ્મર વીરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપી ફરીયાદીની કંપનીના વેરાહાઉસમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતો હોય પોતાની નોકરી દરમ્યાન તા.૨૫-૧૧-૨૪થી તા.૧૭-૧૨-૨૪ દરમ્યાન વેરહાઉસમાંથી ૧૩૫ કટા ચણાના મળી કુલ અંદાજે ૭૦૦૦ કિગ્રા ચણા કિ.રૂા.૪,૦૨,૫૦૦ની ચોરીક રી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઈ ડી.કે.સરવૈયાએ તપાસ હાથ ધરી છે.

## સોમનાથ પંથકમાં વિશીષ્ટ ઓળખ શાક : પાંદડી

### સ્વાદમાં દાઢે વળગે તેવી રેષાદાર પાંદડી માત્ર દરીયાપટ્ટીના ગામોમાં જ થાય છે

(પ્રતિનિધી દ્વારા)

પ્ર.પાટણ તા.૨૦

ભગવાન સોમનાથ દાદાની ભૂમિના શાક શોખીનો અને સ્વાદ રસિકોમાં હોટ ફેવરીટ જો શાક હોય તો તે પાંદડી. આ પાંદડીનું વાવેતર દરીયાપટ્ટીના માધવપુર, માંગરોળ, ચોરવાડ અને પ્રભાસ પાટણમાં થાય છે. અર્ધચંદ્રકાર આ પાંદડીનું શાક કરતા પહેલા તેને ફોલવી પડે જે બધાને પણ આવડે. જેમાં પાંદડીને પહેલા ચપટીથી પકડી પછી તેના રેષા કાઢી તેના લીલા પાન અને દાણાનું શાક બનાવાય છે. પાંદડીનું વાવેતર નવરાત્રી પછી કરાય છે અને તેને પાણી પણ ઓછું પાવું પડે છે. રેતાળ જમીન તેને ખુબ જ માફક આવે છે. તેમાંથી નીકળતા દાણા એટલે ઓળીયા કારતકથી ફાગણ માસ સુધી પાંદડી શાક બજારમાં વેચાય છે. હાલ કીલોનો ભાવ રૂા.૨૦૦ છે. પાંદડી બે પડવાળી હોય છે. વાલોળની જેમ તે પડ ખોલો તો ત્રણ જુદા જુદા ખાનામાં લીલા વાલ જેનો ઓળીયા તરીકે ઓળખાય તે નીકળે છે. આ પાંદડી ખેતરમાંથી તોડો તો હાથ તૈલી બને અને જેમ ઝાકળ વધુ પડે તેમ તેનો ફાલ વધુ આવે.

પાંદડીને રીંગણા સાથે, ઉંધીયાના શાકમાં કે પાંદડી રીંગણાનું ઢોકળીવાળુ શાક તમતમતા મસાલાઓ, તેલ તસતસતું, તલ, કોપરા છીણ, મીઠો લીમડો, ખટાશ, ગળાશ, લવીંગ, તજ, તમાલ પત્ર નાખી રસાદાર શાક આરોગી શિયાળાની ઋતુની મોજ આરોગી માણે છે.

પ્રભાસના મુંબઈ, અમદાવાદ, રાજકોટ વસતા કેટલાક લોકો આ સીઝનમાં પાટણ આવે ત્યારે શાકપાંદડી ઘર માટે અને સ્નેહીજનો માટે સંપેતરારૂપે લઈ જાય છે.

પ્રભાસ શાક બજારમાં હવે તો ફોલેલી પાંદડી પણ મળે છે તેમ પ્રભાસના શાકબજારના અજાઈબેન બામણીયા કહે છે.

## કેશોદના આંબેડકરનગરમાં જાહેરમાં જુગાર રમતા પાંચ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦

કેશોદના ઉતાવળીયા નદી કાંઠે આંબેડકરનગરમાં જાહેરમાં જુગાર રમતા ૫ શખ્સોને કેશોદ પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસે આંબેડકરનગરમાં જાહેરમાં જુગાર રમતા માધુભાઈ જીવાભાઈ રાવલીયા, રણમલભાઈ ગાંગાભાઈ સુત્રેજા, હનીફભાઈ હુસેનભાઈ મહીડા, હનીફ અબ્દેરહેમાન પંજા અને મહમદ રફીક હબીબ સર્વદીને ૮૨૪૦ રોકડ સહિત ૪ મોબાઈલ મળી કુલ રૂા.૨૧૨૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી કેશોદ પોલીસ મથકે જુગાર ધારા ૧૨ મુજબ કાર્યવાહી કરી છે.

## ચણાના ઊભા પાકમાં લીલી ઈયળના સંકલિત વ્યવસ્થાપન માટે વાવણી બાદ પગલા લેવા

જૂનાગઢ, તા.૨૦

જૂનાગઢ જિલ્લા ખેતીવાડી ખાતા દ્વારા જિલ્લાના ખેડૂતોને ચણાના ઊભા પાકમાં લીલી ઈયળના સંકલિત વ્યવસ્થાપન માટે વાવણી બાદ લેવાના પગલાં આ મુજબ છે. (૧) લીલી ઈયળના ભૌતિક નિયંત્રણ માટે પાક ઉગ્યા બાદ ૫ દિવસે હેકટર દીઠ ૨૦ ફેરોમેન ટ્રેપ છોડથી ૧ ફૂટ ઉંચાઈએ ગોઠવવા તથા ફેરોમેન ટ્રેપની લ્યુર દર ૨૧ દિવસે બદલવી. (૨) ખેતરમાં વીઘે દીઠ એક પ્રકાશ પિંજર ગોઠવવા અથવા જ્યાં લાઈટની વ્યવસ્થા થઈ શકે ત્યાં વિદ્યુત ગોળો ગોઠવી તેની નીચે પાણી ભરેલ ટ્રે ગોઠવી જેથી રાત્રી દરમિયાન પ્રકાશ તરફ આકર્ષાયેલી કૂંદીઓ પાણીમાં પડતા નાશ પામશે. (૩) પક્ષીઓને ઈયળ શોધવામાં સરળતા રહે, તે માટે ઉભાં પાકમાં અંગ્રેજી ટી (T) આકારના પક્ષીઓને બેસવાના ટેકા હેક્ટરે ૪૦-૫૦ ની સંખ્યામાં છોડથી ૩ ફૂટ ઉંચાઈએ મુકવા. (૪) લીંબોળીનાં મીંજનું ૫ ટકા દ્રાવણ (૫૦૦ ગ્રામ મીંજનો પાવડર ૧૦ લિટર પાણીમાં) નાં ૨ થી ૩ છંટકાવ કરવાથી લીલી ઈયળનું અસરકારક નિયંત્રણ મળે છે. અથવા અરડૂસીના પાનનો ૫૦૦ ગ્રામ અર્ક ૧૦ લિટર પાણીમાં ભેળવી ૨ થી ૩ છંટકાવ કરવા. (૫) લીલી ઈયળના જૈવિક નિયંત્રણ માટે બેસીલસ થુરીન્જીન્સીસ ૫ ડબલ્યુપી ૨૦ ગ્રામ અથવા બીવેરીયા બેસીયાના ૧ ડબલ્યુપી ૪૦ ગ્રામ પાણીમાં ભેળવી છંટકાવ કરવો અથવા એક હેક્ટર માટે ૨૫૦ રોગીષ્ટ ઈયળનું દ્રાવણ (એન.પી.વી.) બનાવી ૫૦૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક (તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક(તાલીમ) નો સંપર્ક કરવો. તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી જૂનાગઢ દ્વારા યાદીમાં જણાવેલ છે.

### અવસાન નોંધ

રાજકોટ : દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી સુરેશભાઈ મગનભાઈ મેહ તા.૧૮-૧૨-૨૦૨૪, બુધવારના રોજ સ્વર્ગવાસ પામેલ છે. સદગતનું બેસણું તા.૨૦-૧૨-૨૦૨૪, શુક્રવારે સાંજે ૫થી ૭ તેમના નિવાસસ્થાન- નવા ભીલવાડા, જાગનાથ પ્લોટ, રાજકોટ ખાતે રાખેલ છે. તો સર્વે કુટુંબીજનોને તથા સગા-સંબંધીઓ મિત્ર મંડળને તેમના પુત્રશ્રી રજનીકાંત સુરેશભાઈ મેહ તરફથી સર્વેશ્રીને જાણ સહ.


### :: CHANGE OF NAME ::

I Under signed ASHABEN SHREYASH BHAI PANDYA, Diclare that I have change my name from ANANDIBEN (ASHABEN) to my new name ASHABEN SHREYASHBHAI PANDYA, now onward I will be known as per my new name.

:: ADDRESS :
ASHABEN SHREYASHBHAI PANDYA
Sanala Road, Ankur Society,
Opp. Rameshwar Mandir, Morbi.

### નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **આનંદીબેન(આશા)** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **આશાબેન શ્રેયશભાઈ પંડયા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :
**આશાબેન શ્રેયશભાઈ પંડયા**
સનાળા રોડ અંકુર સોસાયટી
રામેશ્વર મંદિરની સામે, મોરબી

### મહાનગર સેવા સદન, જૂનાગઢ
વોટર વર્કસ શાખા
EoI નિવીદા નં.૧૬/૨૦૨૪-૨૫

વો.વ.જા.નં.૧૧૧૦ તા.૧૮/૧૨/૨૪

જૂનાગઢ મહાનગરપાલિકા હદ વિસ્તારમાં પ્રોવાઇડીંગ એન્ડ ઇન્સ્ટોલેશન ઓફ રૂફટોપ રેઇન વોટર હાર્વેસ્ટીંગ ટેકનોલોજીસ ફોર ઇન્ડીવીડ્યુઅલ હાઉસહોલ્ડ/ પ્રાઇવેટ બોર હોલ્સની કામગીરી માટે EoI (એક્સપ્રેશન ઓફ ઇન્ટ્રેસ્ટ) આવકારવામાં આવે છે. EoI અંગેની વધુ વિગત website: https://tender.nprocure.com ઉપરથી કચેરીના કામકાજના દીવસો દરમ્યાન ૧૧-૦૦ થી ૧૮-૦૦ વાગ્યા સુધી જાણવા મળશે. ઓન લાઇન ભરેલ ઇ.ઓ.આઇ. અંગેના દસ્તાવેજો મોકલવા. કામનું નામ કવર પર લખી ફકત રજી.એ.ડી./ સ્પીડ પોસ્ટથી કમિશ્નરશ્રીની કચેરીએ નિયત સમય મર્યાદામાં મોકલવાના રહેશે અને પોસ્ટથી રવાના કરેલ દસ્તાવેજો જો મોડા મળશે તો તે અંગેની કોઇ જવાબદારી કચેરીની રહેશે નહી.

આ કામો અંગેની વિગતવાર ઇ.ઓ.આઇ. નોટીસ કચેરીના નોટીસ બોર્ડ અને માહિતી વિભાગની વેબ સાઇટ www.statetenders.gujarat.gov.in પર જોવા મળશે.

Due Date:23/12/24 Last Date - 13/01/25

| | |
|---|---|
| EoI ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ તથા સમય | તા.૧૩/૦૧/૨૫ ૧૮-૦૦ કલાક સુધી |
| EoI ઓન લાઇન ભરવાની છેલ્લી તારીખ તથા સમય | તા.૧૩/૦૧/૨૫ ૧૮-૦૦ કલાક સુધી |
| EoI ડોક્યુમેન્ટ રજી. પોસ્ટથી સબમીટ કરવાની છેલ્લી તારીખ તથા સમય | તા.૧૭/૦૧/૨૫ ૧૭-૦૦ કલાક સુધી |
| EoI ઓન લાઇન ખોલવાની સંભવિત તારીખ તથા સમય | તા.૧૮/૦૧/૨૫ ૧૨-૦૦ કલાક સુધી |

e-sign
(ડો. ઓમપ્રકાશ IAS)
કમિશ્નર
મહાનગરપાલિકા, જૂનાગઢ

માહિતી/જુના/જા.ખ./૭૩૮/૨૪

# ૫ જાન્યુઆરીએ યોજાનારી રાજય કક્ષાની ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધાની સ્પર્ધકો દ્વારા તડામાર તૈયારી

**સ્પર્ધકોને પ્રોત્સાહન પુરૂ પાડવા માટે રાજય તેમજ કેન્દ્ર સરકારનાં મંત્રીશ્રીઓ ઉપસ્થિત રહે તેવી લાગણી**



(ફાઈલ તસ્વીર)

જૂનાગઢ તા. ૨૦

જૂનાગઢનાં આંગણે દર વર્ષે યોજાનારી ગિરનાર આરોહણ સ્પર્ધાની હાલ તડામાર તૈયારી ચાલી રહી છે. દૂર દૂરથી આવતા સ્પર્ધકો વિજેતા બનવાનાં જોમજુસ્સા સાથે ભારે કવાયતો કરી રહયા છે. ત્યારે રાજય કક્ષાની અને ત્યારબાદ રાષ્ટ્રીયકક્ષાની યોજાતી ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાનાં સ્પર્ધકોને પ્રોત્સાહીત કરવા માટે ગુજરાત સરકાર તથા કેન્દ્ર સરકારનાં માનનીય મંત્રીશ્રી ખાસ ઉપસ્થિત રહે તેવી લાગણી સ્પર્ધકોમાં પ્રવર્તી રહી છે.

જૂનાગઢ નજીક ભવનાથ ક્ષેત્રમાં ગરવા ગિરનાર ખાતે દર વર્ષે યુવાનોમાં જુમજુસ્સો અને સાહસ તેમજ ખડતલપણુંની પ્રેરણા પુરી પાડનારી ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા ખુબ જ ઉત્સાહમય યોજવામાં આવે છે. ગુજરાત રાજયનાં રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ ગાંધીનગરનાં ઉપક્રમે જૂનાગઢ જીલ્લા વહીવટી તંત્ર સંચાલીત રાજય કક્ષાની ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા આગામી તા. ૫ જાન્યુઆરીનાં વહેલી સવારનાં ૭ કલાકે યોજાનાર છે. આ સ્પર્ધામાં ગુજરાતભરમાંથી સિનીયર ભાઈઓ, જુનીયર ભાઈઓ, સીનીયર બહેનો, જુનીયર બહેનો સહિત કુલ ૧૨૦૭ સ્પર્ધકોની પસંદગી કરવામાં આવી છે. પસંદગી પામેલા આ સ્પર્ધકોએ તા. ૪ જાન્યુઆરી બપોર બાદ ૩ કલાકે ભવનાથ તળેટી ખાતે રીપોર્ટીંગ કરવાનું રહેશે અને તા. ૫ જાન્યુઆરીનાં વહેલી સવારે ૭ કલાકે આ સ્પર્ધા યોજાશે. આ સ્પર્ધા ખુબ જ લોકપ્રિય બની રહી છે. અને દૂર દૂરથી વિવિધ રાજયોમાંથી પણ ઘણા સ્પર્ધકો રાજય કક્ષા અને ત્યારબાદ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેતા હોય છે. વિજેતા બનવા માટે સ્પર્ધકો દિવસો થયા તનતોડ મહેનત કરે છે. અને સફળતા પ્રાપ્ત કરતા હોય છે. ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા જે દિવસે યોજાય છે ત્યારે તે જ દિવસે બપોર બાદ વિજેતા થયેલા સ્પર્ધકોનો ઈનામ વિતરણ સમારોહ પણ યોજવામાં આવે છે. ભારે ઉત્સાહમય વાતાવરણમાં સન્માન સમારંભ થતો હોય છે. ગિરનાર સ્પર્ધામાં ભાગ લેનારા સ્પર્ધકોને અઢળક ઈનામોની વર્ષા થતી હોય છે. પરંતુ ખાટલે મોટી ખોટ એ છે કે ગુજરાતમાં કે દેશમાં કયાંય પણ આવી સ્પર્ધા યોજાતી નહી હોય તેમજ ગિરનાર ખાતે જે ટ્રેક આવેલા છે તેવા ટ્રેક અન્ય કયાંય ન હોવાનાં કારણે ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાનું આગવું મહત્વ છે. સ્પર્ધકોની સતત લાગણીને ધ્યાને લઈ રાજય કક્ષાની સ્પર્ધાની સાથે સાથે ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાને રાષ્ટ્રીયકક્ષાનો દરજજો અપાયો છે. અને કેટલાંક વર્ષો થયા પ્રથમ રાજય કક્ષાની અને ત્યારબાદ રાષ્ટ્રીય કક્ષાની ગિરનાર સ્પર્ધા યોજાઈ છે. પરંતુ રાષ્ટ્રીય કક્ષાનો દરજજો જે સ્પર્ધાને આપવામાં આવ્યો છે તેવી આ સ્પર્ધાને પુરતુ પ્લેટફોર્મ એટલે કે રાષ્ટ્રીય કક્ષાનું પ્લેટફોર્મ આજદિન સુધી પુરૂ પાડવામાં આવ્યું નથી તેનો સ્પર્ધકોમાં વસવસો છે. તેમજ રાજય કક્ષાની કે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાનાં આ કાર્યક્રમમાં ગુજરાત સરકારનાં કે કેન્દ્ર સરકારનાં મંત્રી મહોદયશ્રી કયારેય ઉપસ્થિત રહેતા નથી. જે પણ દુ:ખની બાબત છે. જૂનાગઢ ગિરનાર ખાતે આગામી યોજાનારી રાજય કક્ષાની અને રાષ્ટ્રીય કક્ષાની ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં સ્પર્ધકોને પ્રોત્સાહન પુરૂ પાડવા માટે મંત્રીશ્રીઓ ખાસ ઉપસ્થિત રહે તેવી લાગણી સ્પર્ધકોમાં જોવા મળી રહી છે.

## જૂનાગઢની ગેંગ સામેના ગુજસીટોક કેસમાં વધુ એક આરોપી અસ્લમ ઉર્ફે છમીયોની ધરપકડ કરાઈ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ, ગીર સોમનાથ, રાજકોટ ગ્રામ્ય જીલ્લા વિસ્તારમાં ટોળકી રચી અને ભયનું સામ્રાજય ફેલાવનારા ૯ શખ્સો સામે તાજેતરમાં જ પોલીસે ગુજસીટોક અંતર્ગત કાર્યવાહી હાથ ધરી છે. આ દરમ્યાન પાંચ આરોપીઓને ૭ દિવસનાં રીમાન્ડ પર લઈ અને મુખ્ય આરોપીને ઝડપી લેવા તપાસનો ધમધમાટ શરૂ થયો છે. આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર જૂનાગઢની ગેંગ સામેના ગુજસીટોક કેસમાં અસ્લમ ઉર્ફે છમીયોની પોલીસે ધરપકડ ફરી વધુ તપાસ હાથ ધરી છે. જૂનાગઢના રામદેવપરાનો સલમાન ઉર્ફે સલીયો ઉર્ફે સલીમ તૈયબ વિશળની ૯ શખ્સની ગેંગ સામે ધ ગુજરાત કંટ્રોલ ઓફ ટેરેરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એકટ હેઠળ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ ૫ શખ્સોને ઝડપી લેવામાં આવ્યા હતા. તપાસનીશ જૂનાગઢ રૂરલ ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક નિકિતા શિરોયાએ ગુજસીટોક ધારા હેઠળ પકડાયેલા આરોપીઓ સલમાન ઉર્ફે નીજામ ઉર્ફે ભુરો દીનમહમદ, અજીત ઉર્ફે મંત્રી આમદ નારેજા, આમદ હુસેન નારેજા, જુસબ ઉર્ફે કારીયો તૈયબ વિશળ અને સાજીદ ઉર્ફે બાડો તૈયબ વિશળને ૧૦ દિવસનાં રિમાન્ડની માંગણી સાથે રાજકોટ સ્થિત ગુજસીટોક કોર્ટમાં રજૂ કર્યા હતા. અદાલતે તારીખ ૨૭ ડિસેમ્બર સુધી ૭ દિવસના રિમાન્ડ મંજુર કરતા વધુ તપાસ હાથ ધરી હતી. દરમ્યાન પોલીસ દ્વારા ગઈકાલે ગુજસીટોક ગુનામાં વોન્ટેડ આરોપી જુનાગઢના રામદેવપરામાં રહેતાં અસ્લમ ઉર્ફે છમીયો ઓસમાણ સીડાની ધરપકડ કરી ગેંગ લીડર સલમાન ઉર્ફે સલીયો ઉર્ફે સલીમ તૈયબ વિશળને ઝડપી લેવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. જ્યારે જયુડીશીયલ કસ્ટડી હેઠળ રહેલ નાઝીમ હબીબ સોઢા રહે. સાંગોદ્રા અને અમીન ઉર્ફે છોટે મંત્રી આમદ નારેજાનો કબજો મેળવવા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

## રૂા. ૫૦ કરોડના ફ્રોડ કેસમાં રિમાન્ડ પૂર્ણ થતા જૂનાગઢની મહિલા સહિત ૭ શખ્સો જેલ હવાલે

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ સહીત આંતરરાજય સ્થળે તેમજ દેશવ્યાપી સાયબર ક્રાઈમ કૌભાંડનો જૂનાગઢ પોલીસે પર્દાફાશ કર્યા બાદ રૂા. ૫૦ કરોડનાં ફ્રોડ કેસની ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. દરમ્યાન રૂા. ૫૦ કરોડનાં આ ગોટાળા કેસમાં રીમાન્ડ પુરા થતાં જૂનાગઢની મહિલા સહિત ૭ને જેલ હવાલે કરવામાં આવેલ છે.

બેંક ખાતા મેળવી ફ્રોડના નાણા ટ્રાન્સફર કરાવનાર ૭ શખ્સને જેલ હવાલે કરી સાયબર પોલીસે ૨ મુખ્ય એજન્ટની પૂછપરછ અને અન્યની સંડોવણી અંગે તપાસ હાથ ધરી છે.

લોકોને અલગ અલગ બહાના બતાવી અને તેમના બેંક ખાતા મેળવી સાયબર કોડના નાણાં ટ્રાન્સફર કરાવતી ગેંગને જૂનાગઢ રેન્જ સાયબર પોલીસે ઝડપી લઈ ૪ દિવસનાં રિમાન્ડ પર રહેલા મુખ્ય એજન્ટ સમઢીયાળાનો વતની અમદાવાદ રહેતો અભિષેક ઉર્ફે અભી શાંતિલાલ માથુકિયા તથા દાદર ગીરનો વતની અમદાવાદનો સચિન ઉર્ફે ભોલો ગોવિંદ વોરાની ગેંગ સાથે સંકળાયેલ અન્ય શખ્સ અંગે માહિતી મેળવવા પૂછપરછ હાથ ધરતા બુધવારે જૂનાગઢના જોષીપરાનો કોમ્પ્યુટર ગ્રાફિકનું કામ કરતો પ્રતિક ચંદુ સાવલિયાની ધરપકડ કરી હતી. દરમ્યાન ૨ દિવસનાં રિમાન્ડ પૂરા થતાં જૂનાગઢનો આર્યન ઉર્ફે દાતાર મહેબૂબ પઠાણ, ધર્મેશ હરસુખ ગોહેલ, સતીશ દેવરાજ કરમટા, અબ્દુલકરીમ હસન જેઠવા, આસિફ રહીમ બેલીમ, નયના ઈન્દ્રવદન ટાંક અને પ્રતિક ચંદુને પીઆઈ સી. વી. નાયકએ ગુરુવારે કોર્ટમાં રજૂ કરતા જેલમાં મોકલી આપવાનો હુકમ થયો હતો જેના પગલે ૭ આરોપીને જેલ હવાલે કરી દેવામાં આવ્યા હતા.

**બહાઉદ્દીન કોલેજથી ભવનાથ સુધીના અંતરમાં પાકિટ ખોવાયેલ છે. પરત આપનારને યોગ્ય બદલો આપવામાં આવશે.**

: કોન્ટેક :

શૈલેષપુરી સી. ગોસ્વામી

૯૮૨૪૦ ૨૯૯૭૫

## જૂનાગઢમાં કાર પાર્કિંગ પ્રશ્ને હુમલો : માર મારવા અંગે વેપારી પિતા-પુત્ર સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢમાં કાર પાર્કિંગ કરવા મુદ્દે વેપારી પિતા, પુત્રએ યુવકને માર મારી ધમકી દીધી હોવાની ફરિયાદ નોંધાતા ચકચાર જાગી ઉઠી છે.

આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢમાં ટીંબાવાડી રોડ ઉપર આવેલ ઈશાના પ્લાઝા કોમ્પ્લેક્સમાં પહેલા માળે કટલેરીની દુકાન ધરાવતા ૧૯ વર્ષીય મિલન મેસુરભાઈ રાવલીયા પોતાની દુકાને હતા. ફઈના દીકરા ચિંતનની કોમ્પ્લેક્સની સીડી સામે પાર્ક કરી હતી. કાર લેવા માટે પાર્કિંગમાં ગયા ત્યારે ઈ બાઈકના શોરૂમના માલિક વિજયભાઈ કરમુર દરવાજો રીપેર કરાવતા હોય તેથી તેમને યુવાને કાર કાઢવા માટે દરવાજો ખોલવાનું કહેતા ઉશ્કેરાઈ જઈને બોલાચાલી કરી માર માર્યો હતો.

આ દરમ્યાન વિજયભાઈના પુત્ર કરણે પણ આવી માર મારીને ધમકી આપી હતી. આ ઘટના અંગે યુવાને ફરિયાદ નોંધાવતા સી ડિવિઝન પોલીસે વેપારી પિતા, પુત્ર વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. વધુ તપાસ પોલીસ હેડ કોન્સ્ટેબલ ડી. એલ. બકોત્રા ચલાવી રહ્યા છે.

## સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા નહીં મળતા માણાવદરનાં યુવાનનો પાણીનાં ટાંકામાં પડી આપઘાત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૨૦

માણાવદરના બાલાસરા શેરીમાં રહેતો યુવાન સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતો હોય પરંતુ સફળતા ન મળતા ડીપ્રેશનમાં આવી પાણીના ટાંકામાં પડી આપઘાત કરી લેતા પરીવારજનોમાં શોકની લાગણી ફેલાણી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માણાવદર પોલીસ મથકે ખીમાભાઈ રામભાઈ બાલાસરાએ જાહેર કરેલ કે પોતાનો મૃતક પુત્ર કૃણાલ(ઉ.વ.૨૭) છેલ્લા પાંચેક વર્ષોથી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતો હોય પરંતુ તેઓને સફળતા ન મળતા ડીપ્રેશનમાં આવી જઈ પોતાના ઘરના ભુગર્ભ ટાંકામાં પડી જતા ડુબી જવાથી મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

## જૂનાગઢનાં આરપીએફ સબ ઈન્સ્પેક્ટરના ખિસ્સામાંથી મોબાઈલની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ આરપીએફમાં સબ ઈન્સ્પેક્ટરની ફરજ બજાવતા ૫૨ વર્ષીય શ્રવણરામ જવાહરરામ ચૌધરી બુધવારે પેટ્રોલિંગમાં જવા માટે સવારની જૂનાગઢ દેલવાડા મીટર ગેજ ટ્રેનમાં સતાધાર જવા નીકળ્યા હતા. બાદમાં સવારે ૧૦:૩૦ વાગ્યે સતાધાર ઉતર્યા હતા તે દરમ્યાન તેમના પેન્ટના ખિસ્સામાંથી અજાણ્યો શખ્સ રૂપિયા ૧૨,૫૦૦ની કિંમતનો મોબાઈલ ફોન નજર ચૂકવીને ચોરી ગયો હતો. આમ સબ ઈન્સ્પેક્ટરના મોબાઈલની ચોરી થતા ચકચાર મચી ગઈ હતી. આ ઘટના અંગે જૂનાગઢ રેલવે પોલીસ સ્ટેશનના એએસઆઈ બી. જે. કરગટીયાએ તપાસ હાથ ધરી હતી.

Since 1983

શંખ બ્રાન્ડ મસાલા

ગાયત્રી મસાલા

મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો




ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ




બીના ઈલેક્ટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ધમાકા એક્ષચેન્જ ઓફર

તમારૂ જુનું ફર્નિચર આપી જાવ નવું ફર્નિચર લઈ જાવ

આ ઓફર ટુંક સમયમાં માટે જ છે




✦ શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?


જો હા... તો હવે

જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિચર જે તમારી ઇચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.

સી.સી. પડદાવાલા

તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫

(ઓફર/સ્કીમ મર્યાદિત સમય માટે.)



A global provider of water and wastewater treatment and reuse solutions

Over 289 domestic customers*
21 international customers*
Among the top two largest ZLD solutions providers in India**

• In-house capabilities to develop solutions across the entire value chain including designing, manufacturing, installation and commissioning, operations and maintenance and digitalization solutions including Internet of Things
• Integrated provider of wastewater treatment and ZLD solutions
• Exports to countries in North America, Latin America, Africa, Middle East and Southeast Asia
• Large customer base of 310 customers across the globe as of August 31, 2024
• As of August 31, 2024, serviced over 289 domestic customers and 21 international customers
• Two manufacturing facilities, one at Vasai in Maharashtra, India, and the other at Sharjah in the UAE
• As of August 31, 2024, we had been awarded four patents in India and had filed nine additional patent applications

*As on August 31, 2024
**In terms of the revenue as of Fiscal 2024

www.concordenviro.in

CONCORD™ enviro

Concord Enviro Systems Limited

**CONCORD ENVIRO SYSTEMS LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the the Red Herring Prospectus dated December 14, 2024 (the "RHP") with the ROC, on December 14, 2024. The RHP is available on the website of SEBI at www.sebi.gov.in, website of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.concordenviro.in and the website of the BRLMs, i.e. Motilal Oswal Investment Advisors Limited and Equirus Capital Private Limited, at www.motilaloswalgroup.com and www.equirus.com, respectively. Investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, please see the section entitled "Risk Factors" on page 31 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI for making any investment decision, and should instead rely on the RHP.
The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended ("U.S. Securities Act") or any state securities laws in the United States, and unless so registered, and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U. S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold only outside the United States in "offshore transactions" as defined in and in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales are made. There will be no public offering in the United States.

Adfactors 351